

નિર્માણ


શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે.સૌ આગળ વધે

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
સમગ્ર શિક્ષા,
સેક્ટર-૧૭, ગાંધીનગર.

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર


# ગુજરાતી

## ધોરણ 6

# સ્વઅધ્યયનપોથી

## (લર્નિંગ લૉસ - બ્રિજકોર્સ)




વિદ્યાર્થીનું નામ : ______________________________

શાળાનું નામ : ______________________________

# ઓનલાઈન શિક્ષણ મેળવવા માટેના માધ્યમ

## સમગ્ર શિક્ષા વેબસાઈટ : ssagujarat.org/StudyFromHome.html




ગુજરાત સરકાર દ્વારા બાઈસેગ-વંદે ગુજરાતની વિવિધ ધોરણવાર ૧૬ ચેનલ વડે શૈક્ષણિક કાર્યક્રમનું પ્રસારણ

BISAG-N www.vande.gujarat.gov.in VANDE GUJARAT

બાઈસેગ પ્રસારણ જોવા માટે DTH ડિશ લગાવવાથી દૂરદર્શન કેન્દ્ર તેમજ બાઈસેગની તમામ ચેનલો ફ્રીમાં જોઈ શકાય છે. DTH ડિશ નજીવા ખર્ચે લગાવી શકાય છે.

| DIKSHA | YouTube | Facebook |
|---|---|---|
| https://diksha.gov.in/ | Gujarat e-Class Samagra Shiksha | Gujarat E Class |

# ગુજરાતી

## ધોરણ 6

# સ્વઅધ્યયનપોથી

## (લર્નિંગ લૉસ - બ્રિજકોર્સ)

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારા ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે
આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.


નિર્માણ

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા,
સેક્ટર - ૧૭, ગાંધીનગર.

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર.

મુદ્રણ

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર.

**માર્ગદર્શન**

શ્રીમતી જયશ્રી દેવાંગન (IAS)
(એએસપીડી, સમગ્ર શિક્ષા)

શ્રી પ્રકાશ ત્રિવેદી
(સચિવ, સમગ્ર શિક્ષા)

શ્રી વી. આર. ગોસાઈ
(સચિવ, GCERT)

ડૉ. અશોકભાઈ એન. ચૌધરી
(રીડર, GCERT)

**નિર્માણ-સંયોજન**

ડૉ. અખિલ ડી. ઠાકર

શ્રી નરેન્દ્ર એન. રાવલ

ડૉ. ભાર્ગવ ઠક્કર

**કન્વીનર**

શ્રી રશ્મિકાબહેન એસ. મોદી

**સહ-કન્વીનર**

ડૉ. જૈનીબહેન ભોજક

**સંપાદન-સંકલન**

શ્રી અનિલભાઈ ઉપાધ્યાય

શ્રી સુચિતકુમાર પ્રજાપતિ

શ્રી ધર્મેશ રામાનુજ

**લેખન**

શ્રી ભાવેશ ઠક્કર

શ્રી મનીષ સુથાર

શ્રી પરેશ મેઘનાથી

શ્રી જિતેન્દ્ર કાપડિયા

**સમીક્ષા**

ડૉ. લીનાબહેન ઉપાધ્યાય

શ્રી મિનેશ વાળંદ

શ્રી કલ્પેશ પટેલ

શ્રી જયેશ ચૌધરી

શ્રી પ્રજ્ઞેશ વ્યાસ

ડૉ. પ્રિસ્કિલા ચૌહાણ

શ્રી મહંમદરફીક મનસૂરી

શ્રી જિજ્ઞેશ ગદાણી

શ્રી નીલમ ડાભી

**મુદ્રણ-આયોજન**

શ્રી મનીષ એચ. બધેકા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

વિદ્યાર્થીમિત્રો, શાળા શરૂ થયા બાદ આપની શાળાના વર્ગમાં જે તે વિષયનું શૈક્ષણિક કાર્ય શરૂ થઈ ગયું હશે. પાછલાં વર્ષોમાં શાળામાં કેટલાક મહિનાઓ સુધી શૈક્ષણિક કાર્ય બંધ રહેલું અને તેના પરિણામે વર્ગમાં અભ્યાસ માટેના દિવસો પણ બહુ ઓછા મળેલા. આ બાબતને ધ્યાનમાં રાખી નવા વર્ષે અગાઉના ધોરણ અને અભ્યાસક્રમમાં પ્રવેશ પામીએ તે પહેલાં આ સ્વઅધ્યયનપોથી સાથે ગત વર્ષોની શીખેલી બાબતો મહાવરા તરીકે અહીં મૂકવામાં આવી છે. અહીં ગુજરાતી વિષયમાં અગાઉનાં ધોરણમાં શીખેલી ભાષાની અગત્યની બાબતોને ધ્યાને લઈ તેની પ્રવૃત્તિઓ આપવામાં આવી છે.

ભાષા એ બોલવા સાથે લખવા-વાંચવા અને અભિવ્યક્તિના માધ્યમ તરીકે ઉપયોગી છે. ભાષામાં મૂળાક્ષરથી લઈને શબ્દો, વાક્યોને ક્રમમાં લખવા-વાંચવા સુધીની પ્રક્રિયાનો સમાવેશ થાય છે. અહીં ગત વર્ષને ધ્યાને લઈ ભાષાશિક્ષણમાં થયેલ ‘લર્નિંગ લૉસ’ ને પહોંચી વળવા માટે નિર્માણ થયેલ વાંચન-લેખન સામગ્રી અંતર્ગત ગુજરાતી વિષયમાં અર્થગ્રહણ, સ્વતંત્રલેખન, તાર્કિક ચિંતન, સર્જનાત્મક લેખન અને વ્યાવહારિક વ્યાકરણ આધારિત પ્રવૃત્તિઓ મૂકી છે.

ધોરણ 6ના વિદ્યાર્થી તરીકે તમારામાં ભાષાનો વિકાસ અને સર્જન થાય તે માટેનો પ્રયાસ થાય તેવી પ્રવૃત્તિઓ પસંદ કરવામાં આવી છે. અહીં પ્રવૃત્તિ કરવા માટે ફકરામાં ખૂટતા શબ્દોનું લેખન, અર્થગ્રહણ આધારિત પ્રશ્નો, યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂર્તિ, શબ્દનિર્માણ, શબ્દોનો વાક્યપ્રયોગ, શબ્દ સાથે જોડાઈને લખાતા પ્રત્યયો, કાવ્ય રસાસ્વાદ, ટિકિટ, ટ્રાફિક સિગ્નલ, જાહેરાત, બૅનર, બૉર્ડ, સમયપત્રક આધારિત પ્રશ્નોત્તરી, ચિત્ર આધારિત પ્રશ્નોત્તરી, સ્વતંત્રલેખન, વ્યાવહારિક વ્યાકરણ અંતર્ગત સમાનાર્થી - વિરુદ્ધાર્થી શબ્દો, શબ્દ આધારિત વાક્યરચના, મનોશારીરિક પ્રવૃત્તિઓ જેવી પ્રયુક્તિઓનો આધાર લેવાયો છે.

જેમ કે, અહીં આપેલી ટિકિટ પરથી માહિતીની વિગતો તારવવાની પ્રવૃત્તિ દ્વારા તમને સમજણપૂર્વકનું અર્થગ્રહણ ચકાસવાનો મહાવરો મળશે. ઉપરાંત નવા શબ્દો ઉપયોગમાં લઈને તમારી ભાષામાં નવું સર્જન થાય તેવી સંભાવના રહેલી છે. એટલે કે અહીં આપેલી મહાવરાની દરેક બાબતમાંથી તમારી ભાષાનો વિકાસ થતો રહે તેવી સંભાવના ધ્યાને રાખી છે.

અહીં ભાષામાં આપેલી પ્રવૃત્તિઓમાં પ્રશ્નોત્તરી, શબ્દો પરથી વાક્યલેખન, ખાલી જગ્યામાં યોગ્ય શબ્દની પૂર્તિ, વાતચીત, ચિત્રવર્ણન, ચિત્ર પરથી લેખન, શબ્દસર્જન જેવી ભાષાસજ્જતા, યોગ્ય વિકલ્પ પસંદગી, ઉદાહરણ મુજબ વાક્યરચના, કોષ્ટક પરથી શબ્દલેખન, શબ્દોનો વાક્યપ્રયોગ, સમાનાર્થી-વિરુદ્ધાર્થી શબ્દલેખન, શબ્દો પરથી નવા શબ્દોનું સર્જન જેવી બાબતો આગળના ધોરણમાં વધુ શીખવા માટે સહાયક બનશે તેમ માનીને આપી છે.

વિદ્યાર્થીમિત્રો, શક્ય છે કે તમને ભાષાની પ્રવૃત્તિઓ માત્ર વાંચન-લેખન માટે જ ઉપયોગી જણાય, પરંતુ તમારાં રોજિંદા જીવનમાં પણ ભાષા સારી રીતે બોલવા, વાંચવા, અર્થગ્રહણ તેમજ વ્યાવહારિક ઉપયોગ માટેનો પ્રયત્ન કર્યો છે.

શ્રદ્ધા છે કે ભાષા માટેના મહાવરાની આ પ્રવૃત્તિઓ ભાષાશિક્ષણને બળવત્તર કરશે.

**ડૉ. પી. એ. જલુ**
નિયામક,
જીસીઈઆરટી,
ગાંધીનગર

**ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ (IAS)**
સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા,
ગાંધીનગર

# શિક્ષક-વાલી જોગ સંદેશ

ગત વર્ષોમાં શાળામાં-વર્ગખંડમાં જે તે વિષયનું શિક્ષણ પ્રાપ્ત કરવામાં વિદ્યાર્થીઓએ મુશ્કેલી અનુભવી હશે. જો કે શિક્ષણ વિભાગ દ્વારા 'શાળા બંધ છે, પણ શિક્ષણ નહિ' તે ધ્યેયને મંત્રસ્વરૂપે અનુસરી વર્ચ્યુઅલ માધ્યમથી શિક્ષણ આપવાનું અદ્વિતીય કાર્ય ચાલુ જ રહ્યું હતું. આ સિદ્ધિને કારણે આજે આપણે આપણા વિદ્યાર્થીઓને આગળના ધોરણમાં મોકલવા માટે સક્ષમ થઈ શક્યા છીએ.

અહીં આપણે આપણા વિદ્યાર્થીઓને ગત વર્ષે શિક્ષણ અંતરાય દરમ્યાન ઊભી થયેલી અધ્યયન ખોટ (લર્નિંગ લૉસ)ને ધ્યાને લઈ તેના નવા વર્ષના પ્રારંભે કેટલીક મહાવરાની બાબતો આપીને તેને આગળના ધોરણના અભ્યાસ માટે સજ્જ કરવાનો પ્રયાસ કરવા તરફ જઈ રહ્યા છીએ. સામાન્ય રીતે લર્નિંગ લૉસ એટલે અધ્યયનની એવી ખોટ / કચાશ કે જેમાં શીખેલું ભૂલી જવું, ઓછું શીખવાનું કે શીખેલું બરાબર યાદ ન રહેવું. આવું થવાનું કારણ પણ સાહજિક છે, આ કોઈ એવી ખોટ નથી કે જે પૂરી ન શકાય. લર્નિંગ લૉસની પૂર્તતા કરવા માટે વધુ મહાવરો અને શીખેલી સંકલ્પનાઓ પુનઃ યાદ કરાવવાનો પ્રયાસ કરવો પડે, જે અહીં આપણે કરવાના છીએ.

અહીં લર્નિંગ લૉસની પૂર્તિ માટે આપેલા મહાવરામાં મુખ્ય ત્રણ બાબતોની કાળજી લેવાઈ છે. **પ્રથમ** વિદ્યાર્થીઓને અગાઉના ધોરણના વિષયને અનુરૂપ વિષયવસ્તુનો પુનઃ પરિચય થાય તેવી બાબતો અપાઈ છે. **બીજું,** અપાયેલા દરેક મહાવરા માટે એવી બાબતોનો આધાર લેવાયો છે જેની સંકલ્પનાઓ ધોરણ 6 થી 8 માટે પાયારૂપ હોય. આ બાબતો અગાઉના ધોરણના વિષયવસ્તુની સંકલ્પનાને વધુ દૃઢ બનાવી તેને શીખવા માટે સરળતા રહે તેવું વાતાવરણ નિર્માણ કરશે. **ત્રીજું,** અભ્યાસક્રમનો પ્રારંભ થાય તે પહેલાં વિદ્યાર્થીઓના પ્રવર્તમાન શૈક્ષણિક સ્તરનું સાર્વત્રિક મૂલ્યાંકન પણ થઈ શકે. આવું કરવાથી વર્ગ કે વિષયશિક્ષક વિદ્યાર્થીઓનું સ્તર માપીને નવી બાબત શીખવવાની શરૂઆત કરે તે પહેલાં તેને કયા પ્રકારનું આયોજન કરવું ? કેવી પદ્ધતિનો સહારો લેવો? કઈ કઈ પ્રયુક્તિઓને આયોજનમાં સમાવિષ્ટ કરવી તેનો ખ્યાલ આવે. આનાથી અગાઉના વર્ષની અધ્યયન ખોટ (લર્નિંગ લૉસ)ની અસર હાલના ધોરણમાં ન પડે.

શિક્ષણ અવિરત ચાલતી પ્રક્રિયા છે, તે માત્ર વર્ગખંડ, સમયપત્રક કે વિષયમાં જ બંધાયેલું રહેતું નથી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અનુસાર શિક્ષણનાં અધ્યયન બિંદુઓને શીખવવા માટે પ્રશ્નોત્તરી, પ્રવૃત્તિ, અવલોકન, પ્રૉજેક્ટ, સર્વે જેવી વિવિધ પ્રયુક્તિઓનો સહારો લેવાનો છે. અહીં નિર્માણ થયેલી મહાવરાની વિવિધ સામગ્રીમાં આ બધી જ બાબતોને કાળજીપૂર્વક ધ્યાનમાં લેવાયેલી છે. આ સામગ્રીના મહાવરા માટે નીચે મુજબની કેટલીક બાબતોને ધ્યાનમાં રાખીશું તો આપણા વિદ્યાર્થીઓ અપેક્ષિત શૈક્ષણિક ક્ષમતા કેળવી શકશે અને નવા શૈક્ષણિક વર્ષના અભ્યાસક્રમને સારી રીતે સમજીને શીખવાનું શરૂ કરી શકશે.

- મહાવરા માટે આપેલી દરેક બાબતમાં પ્રવૃત્તિઓ પણ સમાવિષ્ટ હોવાથી પ્રવૃત્તિ માટે પૂરતો સમય આપવો.
- મહાવરાની પ્રવૃત્તિઓમાં લખવા-વાંચવા સાથે જૂથ અને સમૂહમાં પ્રવૃત્તિઓ પ્રૉજેક્ટ કાર્ય જેવી વિવિધ બાબતોનો સમાવેશ કરેલો હોઈ તેને પણ શીખવાનો અગત્યનો ભાગ માનીને તે કરવા માટે પૂરતો સમય અને સ્વતંત્રતા આપવી.
- મહાવરાની આ પ્રવૃત્તિઓ દરમ્યાન વિદ્યાર્થીને તેનાં મિત્ર, કુટુંબીજનો અને અન્ય લોકોની જરૂર પડે તેવું આયોજન હોવાથી તેને પ્રવૃત્તિ માટે અન્ય સાથે કામ કરવાની છૂટ આપવી.
- મહાવરાની આ પ્રવૃત્તિઓ શાળા અને ઘર બંને જગ્યાએ એક સાથે ચાલે તે માટેનું આયોજન વિદ્યાર્થીઓને સતત જણાવતા રહીને તેમને આગળના અભ્યાસ માટે પણ જોડવાના છે તેનો ખ્યાલ રાખવો.

- મહાવરાની આ પ્રવૃત્તિઓ અભ્યાસક્રમ સાથે સંકળાયેલી હોવાથી તેને માત્ર મનોરંજન સ્વરૂપે ન માની લેતાં વિદ્યાર્થીઓ ગંભીરતાથી તે કરે અને તેમાંથી શીખે તેવું આયોજન કરવું.
- મહાવરાની આ સંપૂર્ણ પ્રક્રિયા લર્નિંગ લૉસને પહોંચી વળવા માટેની હોવાથી વર્ગનો દરેક વિદ્યાર્થી દરેક અધ્યયન નિષ્પત્તિની પ્રવૃત્તિમાં સમાન સ્તરે પહોંચે તે માટે પ્રયાસ કરવો.
- લર્નિંગ લૉસ એ અધ્યયન કચાશ(ખોટ) પૂરી કરવાનો પ્રયાસ હોવાથી શિક્ષક સાથે વાલી, શિક્ષિત મોટા ભાઈ-બહેન અને ઉપલા ધોરણના મિત્રો પણ વિદ્યાર્થીને મદદ કરે તે ઇચ્છનીય છે.
- સ્વઅધ્યયનપોથી સાથે આપેલી મહાવરાની વિવિધ પ્રવૃત્તિઓ વર્ષની શરૂઆતમાં કરવાથી ધોરણ 6 થી 8ના અભ્યાસક્રમની સંકલ્પનાઓ સમજવી સરળ બની રહે તેવો પ્રયાસ કરવા માટે વર્ગમાં બને તેટલો વધુ સમય મહાવરા માટે આપવાનું આયોજન કરવું.
- મહાવરામાં અગાઉના ધોરણની એવી બાબતોનો સમાવેશ કરાયો છે, જેનાથી ધોરણ 6 થી 8ના વિષયવસ્તુની સંકલ્પના સમજવાનું સરળ બને છે, તેને ધ્યાને લઈ પ્રવૃત્તિઓ કરાવતા સમયે તે પૂરેપૂરી રીતે શીખી જાય તેની કાળજી લેવાય તે જોવું.
- 'ચાલો, યાદ કરીએ'માં આપેલી પ્રવૃત્તિઓનું લેખન અલગ નોટબુકમાં કરવાનું હોવાથી વિદ્યાર્થીઓએ લખેલી પ્રવૃત્તિઓની સમયસર ચકાસણી કરી તેની સારી અને સુધારાત્મક બાબતોનું વ્યક્તિગત માર્ગદર્શન આપવું ઇચ્છનીય છે.
- આપેલી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીની સમજ અને સંકલ્પનાના વિકાસ માટે હોવાથી વર્ગના વિદ્યાર્થીઓ LO આધારિત એક-બે પ્રવૃત્તિઓ બાદ તેને સમજી શકયા છે તેવું જણાય તો તે પૈકીની અન્ય પ્રવૃત્તિઓ ગૃહકાર્યમાં આપી શકાય, જેથી વર્ગમાં અન્ય LO આધારિત પ્રવૃત્તિઓ કરવામાં પૂરતો સમય મળી શકે.
- આપેલી પ્રવૃત્તિઓની સમજ માટે ચિત્રો, સાધન-સામગ્રી અને અન્ય સહાયક સંદર્ભનો આધાર લેવાયો છે તેને ધ્યાને લઇ તેવી પ્રવૃત્તિઓ માટે તે સંદર્ભિત સામગ્રીની સમજ મળી રહે તેવું આયોજન હાથ ધરવું.
- અહીં પસંદ થયેલી મોટાભાગની પ્રવૃત્તિઓ ધોરણ 6 થી 8ના અભ્યાસક્રમને વધુ બળવત્તર બનાવવાના હેતુસર આપેલી હોવાથી વર્ગના તમામ વિદ્યાર્થીઓ આ પ્રવૃત્તિઓની સંકલ્પના અને સમજ કેળવે તે માટે પ્રવૃત્તિ દરમ્યાન પૂરતું માર્ગદર્શન અને પરોક્ષ મૂલ્યાંકન કરતાં રહેવું.
- અહીં આપવામાં આવેલ પ્રવૃત્તિઓ માત્ર જે તે LOમાં સમાવિષ્ટ સંકલ્પનાના મહાવરા માટે આપેલ છે. વર્ગમાં જરૂરી મહાવરા માટે આ પ્રકારની વધુ પ્રવૃત્તિઓનો વિકાસ કરી તેનો પણ મહાવરો કરાવી શકાય.
- ગણિત, વિજ્ઞાન અને ભાષાની પ્રવૃત્તિઓ તેના વિષયની નવી સંકલ્પનાઓ સરળ કરવા માટે હોવાથી તેનો પૂરતો મહાવરો થાય તે માટે વર્ગનું સમયપત્રક વિષયવાર ગોઠવી તે મુજબ કાર્ય થાય તે જોવું.

**પ્રકાશ ત્રિવેદી**
સચિવ, સમગ્ર શિક્ષા,
ગાંધીનગર

## ચાલો યાદ કરીએ અંતર્ગત સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓની યાદી

| | |
|---|---|
| G403 | કથનાત્મક લખાણ સાંભળી/વાંચીને સમજે છે. |
| G404 | કાવ્યાત્મક લખાણ વાંચીને સમજે છે. |
| G407 | વર્ણનાત્મક લખાણ વાંચી શકે છે અને સમજી શકે છે. |
| G408 | કાવ્યાત્મક લખાણને વાંચે, માણે અને સમજે છે. |
| G501 | વાર્તા, ગીતો, વર્ણનો, વાતચીત, નાટકો વાંચી અને સમજી શકે છે. |
| G502 | પરિચિત અને અપરિચિત પરસ્થિતિ અને સંવાદો સાંભળી અને સમજી શકે છે. |
| G504 | બાળસાહિત્ય અને પ્રાદેશિક ગીતો-કથાઓ વાંચી, સાંભળી તેને સમજી શકે છે. |
| G405 | કથનાત્મક લખાણનું વાચન-અર્થગ્રહણ કરે છે. |
| G406 | માહિતીલક્ષી લખાણ લખી/કરી શકે છે. |
| G506 | સમયપત્રક, નકશા, પ્રતીકો અને લખાયેલી સામગ્રીમાંથી વાંચી સમજી શકે છે. |
| G412 | લેખિત અભિવ્યક્તિ કરી શકે છે. |
| G511 | જોયેલી, સાંભળેલી અને કલ્પના કરેલી બાબતોનું વર્ણન કરી શકે છે. |
| G512 | જિજ્ઞાસાપ્રેરક પ્રશ્નો પૂછી શકે છે અને પ્રશ્નોના યોગ્ય જવાબ આપી શકે છે. |
| G513 | કથનમાં નવા શબ્દોનો પ્રયોગ કરી શકે છે અને મુદ્દા પરથી વાર્તા રજૂ કરી શકે છે. |
| G412 | લેખિત અભિવ્યક્તિ કરી શકે છે. |
| G516 | પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપી શકે છે. |
| G415 | નવા શબ્દોના અર્થની ધારણા કરે છે અને નવા શબ્દો બનાવે છે. |
| G517 | અપરિચિત વિષય પર સ્વતંત્ર લેખન કરી શકે છે. |
| G519 | ચિત્રવર્ણન કરી શકે અને લખી શકે છે. |
| G521 | પરિચિત પરિસ્થિતિ કે વિષય પર વાક્યો લખી શકે છે. |
| G527 | સ્થાનિક બોલી/ભાષાના શબ્દોનો માન્ય ભાષામાં અર્થ શોધવા માટે શબ્દકોશનો ઉપયોગ કરી શકે છે. |
| G528 | લિંગ, વચન, કાળ, વિરામચિહ્નો, ક્રિયાપદો, વિશેષણ સમજીને ઉપયોગ કરે છે. |
| G529 | વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરી શકે છે. |
| G530 | ચિત્રોને આધારે વાર્તાકથન કરી શકે છે. |
| G403 | કથાનાત્મક લખાણ સાંભળી/વાંચીને સમજે છે. |
| G404 | કાવ્યાત્મક લખાણ વાંચીને સમજે છે. |
| G407 | વર્ણનાત્મક લખાણ વાંચી શકે છે અને સમજી શકે છે. |
| G408 | કાવ્યાત્મક લખાણને વાંચે, માણે અને સમજે છે. |
| G501 | વાર્તા, ગીતો, વર્ણનો, વાતચીત, નાટકો વાંચી અને સમજી શકે છે. |
| G504 | બાળસાહિત્ય અને પ્રાદેશિક ગીતો-કથાઓ વાંચી, સાંભળી તેને સમજી શકે છે. |

# અનુક્રમણિકા

## પ્રથમ સત્ર


| | | |
|---|---|---|
| ● | ચાલો યાદ કરીએ | 1 |
| 1. | રેલવેસ્ટેશન | 28 |
| 2. | હિંદમાતાને સંબોધન | 34 |
| 3. | દ્વિદલ | 39 |
| 4. | રવિશંકર મહારાજ | 45 |
| 5. | મહેનતની મોસમ | 50 |
| 6. | લેખણ ઝાલી નો રહી | 56 |
| 7. | પગલે-પગલે | 63 |
| 8. | બિરબલની યુક્તિ | 69 |
| 9. | પાદર | 75 |


## દ્વિતીય સત્ર


| | | |
|---|---|---|
| 10. | આલાલીલા વાંસડિયા | 81 |
| 11. | એક જાદુઈ પત્રની વાર્તા | 86 |
| 12. | રાવણનું મિથ્યાભિમાન | 91 |
| 13. | સાગરકાંઠાનો પ્રવાસ | 96 |
| 14. | સારા અક્ષર | 103 |
| 15. | ગુજરાત મોરી મોરી રે | 108 |
| 16. | માતૃહૃદય | 114 |
| 17. | સુગંધ કચ્છની...! | 118 |
| 18. | સુભાષિત | 123 |

# ચાલો યાદ કરીએ

## અધ્યયન નિષ્પત્તિ

**G501 વાર્તા, ગીતો, વર્ણનો, વાતચીત, નાટકો વાંચી અને સમજી શકે છે.**

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમે વાર્તા, ગીતો, કાવ્યો, વર્ણન વગેરે વાંચતાં જ હશો. તમે જે વાંચો છો તેમાંથી તમને ઘણું બધું સમજાતું પણ હશે. વાર્તા કઈ છે ? એમાં કયાં પાત્ર છે? વાર્તાનો સાર શું છે ? વગેરે બાબતો તમને સમજાતી હશે. તમે ક્યાંક અટવાઓ ત્યારે તમારા શિક્ષક, વાલી કે મિત્રો સાથે વાતચીત પણ કરતા હશો. આપણે જે પણ કંઈ સામગ્રી વાંચીએ છીએ તેને સમજપૂર્વક વાંચી અને તેના અર્થ-ભાવ સુધી પહોંચવાનું હોય છે.

જ્યારે આપણે વાંચીએ છીએ ત્યારે જે તે શબ્દનો ઉપયોગ ક્યાં અને શા માટે થયો છે, તે સમજવા પ્રયત્ન કરવાનો છે. દા.ત. ‘ભાવ’ શબ્દ. અહીં ‘ભાવ’ શબ્દનો એક અર્થ ‘લાગણી’ થાય તો બીજો ‘કિંમત’ થાય. વાક્યના સંદર્ભે આ શબ્દનો અર્થ બદલાય છે. ‘માજી’ના પણ અલગ અલગ અર્થ : પહેલાં થઈ ગયેલ અને બીજું, કોઈ વૃદ્ધ સ્ત્રીને અપાતું માન. એ જ રીતે જ્યારે તમે કોઈ કાવ્ય સાંભળો, ગાઓ કે પઠન કરો ત્યારે તેના શબ્દો-પંક્તિઓની ક્રમિકતા, ઉપયોજનને સમજવાના છે. આ રીતે આપેલા મહાવરાના જવાબો લખવા પ્રયત્ન કરવાનો છે.

- **મહાવરો :**

**1. ધોરણ 5નું ‘સુંદર-સુંદર’ કાવ્ય શું કહેવા માગે છે તેના વિશે પાંચ-સાત લીટી લખો.**

**2. ધોરણ 6 ગુજરાતી પાઠ્યપુસ્તકના એકમ 2 ‘હિંદમાતાને સંબોધન’ કાવ્યને આધારે પ્રશ્નોના જવાબ લખો.**

**જવાબ લખો :**

1. સંતાનો હિંદમાતાને વંદન કેમ કરે છે ?
2. હિંદમાતા સંતાનોની કાળજી શી રીતે રાખે છે ?
3. કાવ્યમાં કયા કયા વિરામચિહ્નો વપરાયાં છે ?
4. કાવ્યમાં કયાં કયાં વિરુદ્ધાર્થી શબ્દો વપરાયા છે ?
5. તમને આ કાવ્ય ગમ્યું ? કેમ ?

**3. નીચે ફકરામાં આપેલી ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય શબ્દ મૂકો.**

(કેટલા, વધારીને, નવાઈ, દોઢ, એટલા, બે, ઘટાડીને)

સાધુને ____________ લાગી. બીજાઓએ ____________ રૂપિયા દેખાડ્યા હતા. પછી ____________ રૂપિયા સુધી આવ્યા હતા, પણ આને તો મૂળમાં જ ____________ રૂપિયો કહ્યો. સાધુએ પૂછ્યું, ‘‘દોઢ તો કહેવાનો પણ લેવાનો ____________ ?’’

**4. ધોરણ 6ના એકમ 4 ‘રવિશંકર મહારાજ’ના આધારે ‘રવિશંકર મહારાજ’ વિશે ટૂંકમાં લખો. શાળા પુસ્તકાલયમાંથી રવિશંકર મહારાજ વિશેનું પુસ્તક મેળવીને ઉપયોગ કરી શકો.**

## અધ્યયન નિષ્પત્તિ

**G502 પરિચિત અને અપરિચિત પરિસ્થિતિ અને સંવાદો સાંભળી અને સમજી શકે છે.**

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમે તમારા મિત્રો, શિક્ષક, વાલી સાથે વાતચીત કરતા હશો. તમે કોઈક દુકાનદાર પાસે વસ્તુ ખરીદવા જાઓ છો ત્યારે પણ સંવાદ થતો હોય છે. આપણા વ્યવહારનું માધ્યમ વાતચીત-સંવાદ છે. તો વળી, વાતચીતનો કોઈ વિષય પણ હોય છે. આ પરસ્પરના સંવાદમાં તર્ક પણ જોડાતો હોય છે.

તમે તમારા મિત્ર સાથે દરરોજ વાત કરો છો. આ વાતચીતના વિષય અને સંવાદ યાદ કરો. તો વળી તમે ફરવા ગયા હોવ ત્યારે કોઈ અજાણી વ્યક્તિ સાથે વાતચીત થઈ હશે. તો કોઈ સ્થળની માહિતી મેળવવા પણ કોઈની સાથે વાતચીત કરતા હશો. કોઈ અચાનક બનતી ઘટના કે પરિસ્થિતિ મુજબ પણ વાતચીત કરવાની આવશ્યકતા ઊભી થતી હોય છે. આ વાતચીત જે-તે સ્થળ, ઘટના, વ્યક્તિ આધારિત હોય છે.

જેમ કે, આજે સવારે ચા-નાસ્તા બાબતે તમે તમારી મમ્મી સાથે શો સંવાદ કર્યો હતો. યાદ કરો ! એ જ રીતે કોઈ મુદ્દા કે વિષય માટે જાણકારી મેળવવા તમે તમારા શિક્ષક સાથે શી વાતચીત કરી હતી ? તમે ગામમાં કોઈ વ્યક્તિને મળો છો, તો તેની સાથે શી અને કેવી રીતે વાતચીત કરો છો ? આમ આપણા વ્યવહારમાં સંવાદ થતો જ રહે છે.

નીચે આપેલ મહાવરામાં આવા સંવાદને લગતા પ્રશ્નો આપ્યા છે. જે તે સ્થળ, વ્યક્તિ મુજબ તમારા અનુભવના આધારે જવાબ લખવા પ્રયત્ન કરો.

- **મહાવરો :**

1. **ધોરણ-6 એકમ-1 રેલવે સ્ટેશનનું આપેલું ચિત્ર જુઓ. બુકસ્ટૉલના દુકાનદાર અને ગ્રાહક વચ્ચે શી વાતચીત થતી હશે? સંવાદરૂપે લખો.**
2. **તમે દુકાને કોઈ વસ્તુ ખરીદવા જાઓ છો. તમારી અને દુકાનદારની વચ્ચે થતો સંવાદ લખો.**
3. **કૌંસમાંથી યોગ્ય વાક્ય ખાલી જગ્યામાં લખી સંવાદ પૂર્ણ કરો.**

(તો, તેઓ જાતે નહીં પી લે?/તો ચાલ હું પણ તારા ઘરે આવું./ના, મારાથી નહિ અવાય./તો શું થયું?/અરે! કેમ શું થયું ?)

યુસુફ : ચાલને, આજે તો સ્ટેશને ફરવા જઈએ.

વિરેન : ______________________

યુસુફ : ______________________

વિરેન : આજે મારા ઘરે હું અને દાદા જ છીએ.

યુસુફ : ______________________

વિરેન : દાદાને વારંવાર પાણી પીવા જોઈએ છે.

યુસુફ : ______________________________

વિરેન : ના, તેઓને ગઈકાલે ખૂબ તાવ આવ્યો હતો, આજે ખૂબ અશક્ત છે.

યુસુફ : ______________________________

## અધ્યયન નિષ્પત્તિ

**G504 બાળસાહિત્ય અને પ્રાદેશિક ગીતો-કથાઓ વાંચી સાંભળી તેને સમજી શકે છે.**

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમે બાળવાર્તાઓ, બાળગીતો, કથાઓ વગેરે સાંભળતા અને વાંચતા હશો. આ સાંભળેલા અને વાંચેલા સાહિત્યિના ભાવાર્થને આપણે ઝીલવાનો અને પકડવાનો હોય છે. જે તે કૃતિમાં વિષયવસ્તુ, પાત્રો, સંવાદ વગેરે બાબતોને સમજવાની હોય છે. જરૂર પડે તમે તમારા મિત્રો, શિક્ષક કે વાલી સાથે વાતચીત કરી વધુ સમજ મેળવી સંકલ્પના સ્પષ્ટ કરી શકો છો.

- **મહાવરો :**

**1. આપેલા ગીતને આધારે પ્રશ્નોના ઉત્તર લખો.**

**ગીત :**




આ વાત કદી ન ભુલાય.
રોજ સવારે વહેલાં ઉઠાય,
ઊઠીને શરીરને સ્વચ્છ કરાય,
સ્નાન કરીને પ્રાર્થના કરાય, આ વાત કદી ન ભુલાય.



ગ્લાસ મોઢે માંડીને પાણી ન પિવાય,
પાણીના વસણને ચોખ્ખું રખાય,
ચાવી ચાવીને ખાવાનું ખવાય, આ વાત કદી ન ભુલાય.




નિયમિત રીતે નિશાળે જવાય,
મેદાને જઈને રમત રમાય,
ઘર, ગામ, શાળાને સ્વચ્છ રખાય, આ વાત કદી ન ભુલાય.



રસ્તા ઓળંગવાનું ધ્યાન રખાય,
ગાડી-બસમાં બેસતાં ધક્કામુક્કી ન કરાય,
આપણા જેવા સરખાની દોસ્તી કરાય, આ વાત કદી ન ભુલાય.



આપણાથી મોટાને માન અપાય,
આપણાથી નાનાને વહાલ કરાય,
વડીલ-મોટેરાંને વંદન કરાય, આ વાત કદી ન ભુલાય.

1. સવારે શું કરવાનું કહ્યું છે ? તેનાથી શા ફાયદા થાય ?
2. પાણીના વાસણને ચોખ્ખું કેમ રાખવું જોઈએ ?
3. ગીતમાંથી પ્રાસયુક્ત શબ્દો શોધીને લખો.
   ઉદાહરણ : જવાય, રમાય
4. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો ગીતમાંથી શોધીને લખો.
   મોડા, સાંજે, અનિયમિત, અપમાન
5. ઉદાહરણ મુજબ વાક્ય લખો.
   ઉદા. ચાવી ચાવીને ખાવાનું ખવાય.
   - હસી હસી : ____________________
   - ____________ : ____________________

**2. તમે 'મગર અને વાંદરો' વાર્તા સાંભળી હશે. તેના આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

1. તમને આ વાર્તા શા માટે ગમી ?
2. આ વાર્તામાં આવતાં પાત્રોનાં નામ લખો.
3. મગરી જાતે કાળજું લેવા કેમ નહિ ગઈ હોય?
4. મગરે શું ભૂલ કરી?
5. કોણ ચતુર કહેવાય? કેમ?
6. મગરે શું કર્યું હોત તો સફળ થાત?

**અધ્યયન નિષ્પત્તિ**

**G405 કથનાત્મક લખાણનું વાચન-અર્થગ્રહણ કરે છે.**

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમે વાર્તા, પત્ર, સંવાદ, નિબંધ વગેરે નવું સાહિત્ય વાંચો છો. આ સાહિત્ય જે તે વિષય મુજબ લખાયેલું હોય છે. પાઠ્યપુસ્તકમાં પણ આવી વિવિધ કૃતિઓ આપેલી હોય છે. જે તે કૃતિમાં આપેલા સ્વાધ્યાયના પ્રશ્નોત્તર પણ તમે લખો છો. આ પ્રશ્નોત્તરમાં વિગતો શોધવી, વિગતો વચ્ચે સબંધ સમજવો, વિગતોનો ઉપયોગ કરવો, વિશ્લેષણ કરવું, સર્જન કરવું જેવી વિવિધતા હોય છે.

જેમ કે ....

- ગઈકાલે ગર્જના જંગલમાં હતો સિંહ આવ્યો કરે વરસાદ છે.

આ વાક્યમાં બે વાક્યો ભેગાં છે. વળી, વાક્યમાં શબ્દો આડાઅવળા હોઈ તે સમજાતું નથી. હવે આ વાક્યને સાચી રીતે લખવા શું કરવું પડે? કયો શબ્દ ક્યાં મૂકવાથી વાક્ય સાચું બનશે તે વિચારો જોઈએ.

ચાલો, આપણે શબ્દોને યોગ્ય સ્થાને મૂકી જોઈએ. એટલે વાક્યનો અર્થ સ્પષ્ટ થશે.

જંગલમાં સિંહ ગર્જના કરે છે. ગઈકાલે વરસાદ આવ્યો હતો.

ચાલો ત્યારે, આગળ મહાવરામાં આપેલી કેટલીક પ્રવૃત્તિઓ કરી જુઓ.

- **મહાવરો :**

**1. નીચે બે-બે વાક્યો ભેગાં થઈ ગયાં છે. એમને છૂટાં પાડીને લખો.**

1. ગયા અમે રોજ વર્ષે સાંજે રમીએ છીએ અમે ખોખોની મેચ જીત્યાં હતાં.
2. અમે અડધો ગિરનારમાં ભરેલો છે રોપ-વે જોયો પાણીનો ગ્લાસ હતો.
3. ચકીબહેન જીવડાં ખાવાની કાબરોને ઊંઘી મજા આવે છે ગયાં હતાં.
4. તમારે પાસે નથી પેન્સિલ મારી જોઈએ છે ?
5. બધાં વારો આવે તેની ઊભા રહો તમારો રાહ જુઓ લાઇનમાં.

**2. વાર્તા મોટેથી વાંચો અને પ્રશ્નોના જવાબ લખો.**

મંકોડો કહે, ‘‘ફળફૂલ કાંઈ પંખીડાંનાં એકલાંનાં જ છે? આપણાં પણ છે.’’ મંકોડી કહે, ‘‘સાચી વાત! આપણા મંકોડાંનેય રસ ભાવે જ છે.’’ ‘‘ચાલો છોકરાં, મારી પાછળ.’’ કહેતાં મંકોડો તો ચડ્યો આમલીની ડાળે. તે દિવસે મંકોડું ત્રણ, મંકોડું બાર અને મંકોડું બાવીસે પેટ ફાટી જાય એટલો રસ પીધો. અને બાકીનાં મંકોડાં? એ બિચારાં આમલી ખાવા આવેલા છોકરાના પગ તળે...

1. આમલીની ડાળે સૌથી પહેલાં કોણ ચઢ્યું ?
2. પરિવારના સભ્યોનાં નામ લખો :
   મંકોડાં : __________, મંકોડી, મંકોડું
   __________, : છોકરો, __________, છોકરું
3. ઓળખ લખો : બિચારો મંકોડો
   બિચારી __________, __________, મંકોડું, બિચારાં __________
   __________, __________, __________ છોકરી, તોફાની __________
4. ખોટો વિકલ્પ છેકો : મંકોડો બોલી બોલ્યો, ‘‘ચાલો મારી પાછળ.’’ બધાં મંકોડાં આમલીએ ચઢ્યો/ચઢ્યા/ચઢ્યાં.

**3. સાતથી વધારે શબ્દવાળું વાક્ય બનાવો. દરેક વાક્યમાં બંને શબ્દ આવવા જરૂરી છે.**

1. ખાંડ, લીંબુ  2. સમડી, આંબો  3. સૈનિક, કસરત
4. કવિતા, અભિનય  5. દોસ્ત, મસ્તી  6. ઘરકામ, વાર્તા

**4. વાક્યોને ગાઈ શકાય તેવી પંક્તિઓમાં લખો.**

- **આ વાક્યોને તમે ગાઈ શકાય તેવાં બનાવી શકો ?**

| | | |
|---|---|---|
| 1. | મારું નામ ધમાચકડી ધમાચકડી ધમાચકડી છે.<br>તારું કામ તો ડાહ્યું ડાહ્યું કહેવાનું કે કરવાનું છે. | ધમાચકડી ધમાચકડી ધમાચકડી મારું નામ<br>ડાહ્યું ડાહ્યું કહેવાનું ને કરવાનું એ તારું કામ |

- **કઈ તરફની પંક્તિઓ ગાવાની મજા પડે તેવી છે ? શા માટે ? એવું કેમ લાગે છે ?**
- **આ વાક્યોને ગાઈ શકાય તેવી પંક્તિઓમાં લખો.**

| | |
|---|---|
| 1. ટપુ નામનો એક કાચબો હતો, તેની અટક લપલપિયા હતી. એ આખો દી' પાણીમાં રહીને છબછબિયાં કર્યા કરે. | |
| 2. તારી લંકા સળગી ગઈ. પણ મારી પૂંછડી સાજી જ રહી. તારાં તેલ, ગાભા અને દીવાસળી બગડી ગયાં પણ મારી પૂંછડી સાજી રહી. | |
| 3. હે જૂતાજીના દાક્તર, જરાક નાડી માપો. મારું ચંપલ બીમાર પડ્યું છે, એની સારી રીતે દવા કરો. | |

**અધ્યયન નિષ્પત્તિ**

**G406 માહિતીલક્ષી લખાણ લખી/કરી શકે છે.**

**G506 સમયપત્રક, નકશા, પ્રતીકો અને લખાયેલી સામગ્રીમાંથી વાંચી સમજી શકે છે.**

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમે ઘણાં ટ્રાફિક સિગ્નલો જોયાં હશે. ટ્રાફિક સિગ્નલ, વિવિધ પ્રતીકો, શું કહેવા માંગે છે એ તમને ખબર છે અને એ મુજબ તમે અનુસરતા પણ હશો. તમે ક્યાંક ફરવા ગયા હોય ત્યારે તમારા માર્ગદર્શક તરીકે તમે નકશાને પણ સાથે રાખતા હશો. નકશા વાંચનને આધારે તમારી મુસાફરી કરતા હશો. કેમ, ખરું ને?

વિદ્યાર્થીમિત્રો, ઓછામાં વધુ કહેવું હોય ત્યારે ભાષા એ એક ઉત્તમ માધ્યમ હોય છે. તમે જોયું હશે કે ઘણીવાર કઈ લખેલું ન હોય પણ આપણે ચિત્ર જોઈને સમજી જતાં હોઈએ છીએ કે આ શું કહેવા માંગે છે ?

જેમ કે,



આ એક ચિત્ર છે, આ ચિત્રમાં કશું જ લખેલું નથી, તેમ છતાં આપણે સમજી જઈએ છીએ કે આ ચિત્ર શું કહેવા માંગે છે અને આ ચિત્ર જ્યારે આપણે જાહેર જગ્યાએ જોઈએ છીએ ત્યારે ખબર પડી જાય કે અહીં ધૂમ્રપાન કરવાનું નથી. બસ આવી રીતે ટ્રાફિક સિગ્નલ હોય કે પછી સૂત્રો હોય એ જોયા પછી આપણે કંઈ ન લખ્યું હોય તો પણ પછી સમજી જઇએ છીએ. ખરું ને ?

આવી જ રીતે આપણે કોઈ ચિત્ર જોઈને વિગતો તારવવાની હોય ત્યારે પણ આપણે ચિત્રનું બરાબર અવલોકન કરીએ છીએ અને એના આધારે એ ચિત્ર શાનું છે, ચિત્રમાં કઈ કઈ ક્રિયાઓ થઈ રહી છે વગેરે જેવી વિગતો આપણે તારવીએ છીએ પણ ખાસ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે ચિત્રનું અવલોકન બરાબર થવું જોઈએ.

જ્યારે આપણે કોઈ પણ લેખિત કે જોયેલી સામગ્રીમાંથી વિગતો તારવવાની હોય છે ત્યારે આપણે એનું અવલોકન ખાસ કરતાં હોઈએ છીએ અને કરવું પણ જોઈએ.

- **મહાવરો :**

**1. તમારા વર્ગના સમયપત્રકના આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

1. સૌથી વધુ તાસ કયા વિષયના છે?
2. સળંગ બે તાસ આવતા હોય તેવા વિષય કયા છે?
3. કયા વિષયના ફક્ત એક કે બે તાસ છે ?
4. સોમવારે પહેલા બે તાસનો સમય કેટલો છે?
5. શનિવારે છેલ્લો તાસ કેટલા વાગે શરૂ થાય છે?

**2. તમારી દિનચર્યાનું સમયપત્રક તૈયાર કરો.**

**3. તમે જાહેર સ્થળો કે રસ્તા પર વિવિધ પ્રતીકો જોયાં હશે. પ્રતીકો ચોક્કસ બાબતનો નિર્દેશ કરતાં હોય છે. આવાં પ્રતીકો દોરો અને અને એ શું કહેવા માગે છે તે લખો.**

ઉદાહરણ :  હોર્ન વગાડવું નહિ.

**4. તમારી શાળામાંથી નકશો મેળવો. તે નકશા વિશે પાંચ-સાત વાક્ય લખો.**

**અધ્યયન નિષ્પત્તિ**

G412 લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

G511 જોયેલી, સાંભળેલી અને કલ્પના કરેલી બાબતોનું વર્ણન કરી શકે છે.

● **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમે જોયેલી વસ્તુ કે સ્થળ વિશે વર્ગમાં કે તમારા મિત્રો સાથે ચર્ચા થતી હશે. જેમ કે, તમે દિવાળીની રજાઓમાં કયાં ગયા હતા? ત્યાં શું શું જોયું? વગેરે... આ પ્રશ્નોના ઉત્તર આપવા માટે તમારે જે-તે સ્થળનું નામ, ત્યાં શું હતું? વગેરે વિશે કહેવાનું હોય છે.

તમારા શિક્ષક વર્ગમાં તમને કેટલીક વસ્તુઓ બતાવી તેના વિશે શબ્દો, વાક્યો કે વર્ણન કરાવતાં હશે. ક્યારેક કોઈ ચિત્ર બતાવી તેના વિશે પ્રશ્નોત્તરી પણ કરતા હશે. જેમ કે, આ ચિત્ર શેનું છે? તેમાં શું શું દેખાય છે? આ પ્રશ્નોના ઉત્તર આપવા માટે તમે એ વસ્તુ, ચિત્રમાં શું છે ? કેવું છે ? આકાર કેવો છે ? ઉપયોગ શું ? વગેરે બાબતો વિચારી વર્ણન કરી શકો.

તો વળી, ક્યારેક કલ્પના આધારિત વર્ણન કરવાનું પણ થતું હશે. જેમ કે, તમે પંખી બની જાઓ તો...આ રીતે વર્ણન કરવા માટે જે તે વસ્તુ, સ્થળની મહત્ત્વની બાબતો વિશે વિચારવું પડે છે. એમાં શું હોય? કેવું હોય? શા માટે હોય? શાથી હોય? વગેરે બાબતો વિચારી તમે વર્ણન કરી શકો.

● **મહાવરો :**

1. **ચબૂતરા વિશે પાંચ-સાત વાક્ય લખો.**
2. **રાસ-ગરબા અંગેનો તમારો અનુભવ લખો.**
3. **તમારી આવતીકાલની દિનચર્યા વિશે વિચારો અને લખો.**
4. **'જો તમે રમતવીર હોવ તો...' - વિશે આઠ-દસ વાક્ય લખો.**

**અધ્યયન નિષ્પત્તિ**

**G 512 જિજ્ઞાસાપ્રેરક પ્રશ્નો પૂછી શકે છે અને પ્રશ્નોના યોગ્ય જવાબ આપી શકે છે.**

● **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમારા શિક્ષક તમને કોઈ વસ્તુ, ચાર્ટ્સ કે ચિત્ર બતાવી રહ્યા છે. ત્યારે તમને પ્રશ્નો થતા હશે. એ વસ્તુ શું છે? એ શેમાંથી બનેલી છે? એનો ઉપયોગ શો છે? વગેરે... આ પ્રશ્નોના ઉત્તર લખવા માટે શિક્ષક કે વાલી સાથે ચર્ચા પણ કરતા હશો. આ પ્રશ્નોતરી, ચર્ચા તમને ઉત્તર લખવા માટે મદદરૂપ થાય છે.

એવી જ રીતે તમારે કોઈ વૈજ્ઞાનિકને મળવાનું હોય તો તમે કેવા પ્રશ્નો પૂછશો. જેમ કે,

● તમે ક્યાં અભ્યાસ કર્યો હતો ?

● તમને વિજ્ઞાનમાં રસ કઈ રીતે પડ્યો?

● તમને વિજ્ઞાન સિવાય કયા વિષયોમાં રસ છે?

આ પ્રકારના પ્રશ્નો પૂછી તમે વિગતે માહિતી મેળવી શકો. અહીં નીચે મહાવરામાં આવા જ પ્રશ્નો આપ્યા છે. તમારા શિક્ષક, વાલી કે મિત્રો સાથે ચર્ચા કરો, પ્રશ્નો પૂછો અને ઉત્તર લખો.

● **મહાવરો :**

1. **નીચેનું ચિત્ર જુઓ. તેના આધારે પ્રશ્નો બનાવો, પૂછો અને ચર્ચા કરી ઉત્તર લખો.**

**ઉદાહરણ :** છોકરાં શેના વિશે વાત કરતાં હશે?



2. **તમારે તમારા મનગમતા ખેલાડીને મળવાનું થાય છે. તમે એમને કેવા પ્રશ્નો પૂછશો? પાંચેક પ્રશ્નો લખો.**

**અધ્યયન નિષ્પત્તિ**

**G513 કથનમાં નવા શબ્દોનો પ્રયોગ કરી શકે છે અને મુદ્દા પરથી વાર્તા રજૂ કરી શકે છે.**

● **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, આપણે બોલીને આપણા વિચારો, વાણી અને ચિંતનને રજૂ કરતા હોઈએ છીએ. ભાષા દ્વારા આપણે વ્યક્ત થવાનું હોય છે. ભાષા અભિવ્યક્તિ માટે છે તેમજ પોતાના વિચારો રજૂ કરવા માટે છે. સાથે સાથે બીજી વ્યક્તિ સાથે ભાષા દ્વારા જોડાઈ શકાય છે. આપણે જેમ જેમ મોટા થતા જઈએ તેમ તેમ આપણું શબ્દભંડોળ વિકસતું જાય છે. આપણે શાળામાં મિત્રો પાસેથી, ફળિયામાં કે પરિવારમાંથી નવાનવા શબ્દો શીખતા હોઈએ છીએ, સાંભળતા હોઈએ છીએ અને પછી આપણી રોજિંદી વાણી - વ્યવહારમાં ઉપયોગ કરતા થઈએ તો આપણને શબ્દોનો ઉપયોગ સરસ રીતે આવડી જાય.

તમે શાળામાં કે ઘરમાં વાર્તાઓ પણ સાંભળતા હશો. કોઈ પણ વાર્તામાં ચોક્કસ ઘટના હોય છે. એ ઘટનાનો ક્રમ પણ હોય છે. વાર્તા શરૂ કેવી રીતે થાય? એ આગળ કેવી રીતે વધે? વાર્તાની શરૂઆત, મધ્ય અને છેલ્લે અંત

પણ હોય છે. વાર્તાનો ઘટનાક્રમ આપણને જાણે-અજાણે યાદ રહેતો હોય છે. તેને આધારે આપણે વાર્તા રજૂ કરતા હોઈએ છીએ. મિત્રો, અહીં જે પ્રવૃત્તિઓ મહાવરા માટે આપી છે એમાં આ બંને વાતો વણી લેવામાં આવી છે. તમે ખૂબ જ ધ્યાનપૂર્વક આ પ્રવૃત્તિઓ કરશો તો અહીં નવા શબ્દોની સમજ પણ મળશે. તેમજ વાર્તાના મુદ્દા પરથી તમે કેવી રીતે વાર્તાને રજૂ કરી શકો એ પણ શીખવા મળશે.

- **મહાવરો :**

**1. તમારા મિત્ર, ગામ, ઘર તથા શાળાની ગમતી અને ન ગમતી બાબતોની યાદી બનાવો અને વર્ગ સમક્ષ કહો.**

**2. તમે જે કરી શકો અને તમે જે ન કરી શકો તેની ચર્ચા કરો અને વર્ગ સમક્ષ રજૂ કરો.**

1. પાંચ કિલોમીટર ચાલી શકું.
2. પાંચ લાડવા ખાઈ શકું.
3. રાત્રે એકલો ખેતરે જઈ શકું.
4. કૂતરાની બાજુમાં બેસી શકું.
5. ભેંસ ઉપર બેસી ગામમાં ફરી શકું.

**3. મુદ્દાના આધારે વાર્તા લખો.**

બાજરાનું ખેતર - લાવરીનો માળો - દિવસે લાવરીનું ચણ લેવા જવું - ખેડૂતનું આવવું - કાલે મજૂર બોલાવી બાજરો કાપવાની વાત કરવી - બચ્ચાંએ સાંજે લાવરીને ખેડૂતવાળી વાત કરવી - લાવરીનું નિશ્ચિંત રહેવા જણાવવું - બીજા દિવસે ખેડૂતનું આવવું - મજૂર ન આવ્યા પણ કાલે તો સગાંને બોલાવી બાજરો કપાવવા નક્કી કરવું - ફરી બચ્ચાં દ્વારા લાવરીને ખેડૂતની વાત જણાવવી - ફરી નિશ્ચિંત રહેવા જણાવવું - ત્રીજા દિવસે ખેડૂતનું આવવું અને કાલે જાતે જ બાજરો કાપવાની વાત કરવી - લાવરીનું બચ્ચાં લઈ બીજી જગ્યાએ ઊડી જવું - બોધ.

**અધ્યયન નિષ્પત્તિ**

**G412 લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.**

**G516 પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપી શકે છે.**

- **સમજ :**

તમે જે તે એકમ શીખી સમજ મેળવો છો. જેના આધારે તમે અભ્યાસ અને સ્વાધ્યાયમાં આપેલ પ્રશ્નોત્તર પણ લખો છો. જેના માટે તમે તમારા શિક્ષક, વાલી કે મિત્રો સાથે ચર્ચા કરતા હશો. પ્રશ્નોના ઉત્તર લખવા માટે જે તે પ્રશ્નને વાંચી સમજવો પડે. એમાં શો જવાબ અપેક્ષિત છે તે સમજી ઉત્તર લખવા પ્રયત્ન કરી શકાય.

મુદ્દાસર ઉત્તર લખવા માટે આપેલી સામગ્રીનું સમજપૂર્વક વાચન કરવું પડે છે. જે તે પ્રશ્ન મુજબ આપેલ

સામગ્રીમાંથી વિગતે ઉત્તર લખવા પડે છે. પ્રશ્ન મુજબ જરૂર જણાય ત્યાં શબ્દો કે વાક્યરચનામાં ફેરફાર કરવો પડે છે. તો વળી, જરૂરિયાત મુજબ નવા શબ્દો કે વાક્યો ઉમેરીને પણ જવાબ આપી શકાય.

**ઉદાહરણ :** સાધુ મહારાજની જગ્યાએ તમે હોત તો?

આ પ્રશ્નનો ઉત્તર લખવા માટે આપેલી વાર્તા સંદર્ભે તર્ક-ચિંતન કરવાં પડે. સાધુ મહારાજે વાર્તામાં શું કહ્યું? શું કર્યું? તેમની જગ્યાએ તમે હોવ તો ખરેખર શું કરો? આ બાબતો વિચારીને ઉત્તર લખવો પડે. આમ મુદ્દાસર ઉત્તર લખવા માટે વિષયવસ્તુની સમજણના આધારે જરૂરી શબ્દો-વાક્યોમાં ફેરફાર કરી, ઉમેરી ઉત્તર લખી શકાય.

અહીં મહાવરામાં આવા જ પ્રશ્નો આપેલા છે. તમે જે શીખ્યા ને સમજ્યા છો. તેની સાથે તમારા અનુભવ અને કલ્પનાને જોડી ઉત્તર લખવા પ્રયત્ન કરશો. જરૂર ફાવશે.

- **મહાવરો :**
- **પ્રશ્નોના જવાબ લખો.**

1. ચબૂતરો શા માટે બનાવવામાં આવે છે ?
2. મેઘધનુષ્યમાં કેટલા રંગો હોય છે? કયા કયા?
3. મોચી ભગતની જગ્યાએ તમે હો તો શું કરો?
4. પ્રભુએ બનાવેલી કઈ કઈ વસ્તુઓ તમને ગમે છે? શા માટે?
5. ધૂંઆધાર વરસાદ એટલે કેવો વરસાદ? સમજાવો.
6. સવારે ચાલવામાં આનંદ કેમ આવે છે?
7. તમને પુસ્તક વાંચવું ગમે? કેમ?
8. તમને કઈ રમત રમવી ગમે? કેમ?
9. ‘હોળી’ તહેવારની ઉજવણી તમે શી રીતે કરો છો?
10. તમે તમારાં કયાં કયાં કામ જાતો કરો છો?

**અધ્યયન નિષ્પત્તિ**

**G415 નવા શબ્દોના અર્થની ધારણા કરે છે અને નવા શબ્દો બનાવે છે.**

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, આપણે કંઈક સાંભળીએ, વાંચીએ ત્યારે કેટલાક અપરિચિત શબ્દો ધ્યાનમાં આવતા હશે. પાઠ્યપુસ્તકોમાં આવા કેટલાક શબ્દોના અર્થ કૃતિ પછી આપવામાં પણ આવે છે. આ શબ્દોના અર્થ આપણને જે તે

સાહિત્યને સમજવામાં ઉપયોગી બનતા હોય છે. તો વળી સ્વાધ્યાયમાં પણ શબ્દોને લગતી વિવિધ પ્રવૃત્તિઓ મૂકેલી હોય છે. જે તમે તમારા શિક્ષક, વાલી કે મિત્રોની મદદથી કરતા જ હશો. શબ્દોને લગતી આવી પ્રવૃત્તિઓ આપણી ભાષાને વધુ ઉત્તમ બનાવવામાં મદદરૂપ થાય છે. શબ્દોની આ પ્રવૃત્તિઓ વ્યાવહારિક ઉપયોજન દ્વારા વધુ ઝડપથી અને સરળતાથી સમજાય છે.

અહીં આપણે એક ઉદાહરણ જોઈએ.

- **લાગ :** તક, યોગ્ય સમય
- ગરોળી લાગ જોઈને જીવડાં પર તરાપ મારે છે.
- એક પગે ઊભા રહેલા બગલાએ લાગ મળતાં જ માછલી પકડી લીધી.

ઉપરનાં વાક્યો આપણને 'લાગ' શબ્દનો અર્થ સમજવામાં મદદરૂપ થાય છે. આ રીતે શબ્દોનું ઉપયોજન ખૂબ મહત્ત્વનું છે.

અહીં મહાવરામાં આવી વિવિધ પ્રવૃત્તિઓ આપી છે. તમે તે કરવા પ્રયત્ન કરો.

- **મહાવરો :**

**1. શબ્દોના અર્થ જાણો. તે શબ્દનો ઉપયોગ કરી નવું વાક્ય બનાવો.**

- **ભાડું :** થોડા સમય માટે વસ્તુ કે જગ્યા વાપરવાની કિંમત
  ઘરમાં કોઈનાં લગ્ન હોય ત્યારે કઈ કઈ વસ્તુઓ ભાડે લાવીએ છીએ ?
  મામાને ગામ જવા કેટલું ભાડું થાય?
  ______________________________

- **ચળ :** ખંજવાળ, ખણ, એક જ કામ વારંવાર કરવાની ઈચ્છા.
  વાગ્યા પછી નવી ચામડી આવે ત્યારે ત્યાં ચળ આવે છે.
  અમને વાર્તા સાંભળવાની ચળ ઊપડે છે.
  ______________________________

- **નીરવું :** ઢોરને ઘાસ નાખવું
  ઉત્તરાયણને દિવસે બધા ગાયને ઘાસ નીરે છે.
  અમે અમારી ભેંસને સવાર-સાંજ ઘાસ નીરીએ છીએ.
  ______________________________

- **હિંસક :** બીજાને નુકસાન કરનાર
  સિંહ હિંસક હોય છે. તે પ્રાણીઓને મારે છે.
  હિંસક પ્રવૃત્તિ કરનારને પોલીસ પકડી જાય છે.
  ______________________________

- **ફુરસદ :** ____________

ભરતભાઈ : તમને મળવા કાલે આવીશ. આજે મને ફુરસદ નથી.

સૌરભભાઈ : મારેય ફુરસદ નથી. કાલે જ આવજો ઠીક રહેશે.

- **કારીગરી :** ____________

જયમિન : મમ્મી, આ ઢીંગલીઓની કારીગરી સરસ છે. તમે બનાવી?

મમ્મી : ના, દાદીએ. એમના જેવી કારીગરી મને ક્યાં આવડે છે!

- **પ્રવીણ :** ____________

જયંતભાઈ : આપણે કોઈ દૃશ્ય વિશે બોલીએ કે તરત જ જિગીષા તે દોરી દે.

મનીષભાઈ : જિગીષા ચિત્ર દોરવામાં પ્રવીણ છે.

- **ભાડવાત :** ભાડૂઆત, ભાડૂત, ભાડું આપી રહેનાર

કેટલાક લોકોને પોતાનું ઘર હોય છે. જ્યારે કેટલાક ભાડૂઆત તરીકે રહે છે.

જાનકીના કાકા મુંબઈ નોકરી કરે છે. તેઓ ત્યાં ભાડૂઆત તરીકે રહે છે.

___________________________________________

- **તકલાદી :** જલદી તૂટી જાય તેવું

પ્લાસ્ટિકની માપપટ્ટી સાવ તકલાદી છે, વારે ઘડીએ તૂટી જાય.

પહેલાંના કાચ તકલાદી આવતા. હવે તો બંદૂકની ગોળીથીય ન તૂટે તેવા મજબૂત કાચ આવી ગયા છે.

___________________________________________

- **અવનવી :** ____________

માયા : મારા ભાઈને અવનવી વસ્તુઓ ભેગી કરવાનો શોખ!

નેહા : હું પણ અવનવાં છીપલાં ભેગાં કરું છું. મારો સંગ્રહ જોવો છે ?

___________________________________________

- **પરચૂરણ :** ____________

ધારાબહેન : આ હેરીનો રૂમ તો જુઓ ! પ્લાસ્ટિકનાં ઢાંકણ, તૂટેલી બંગડી બધી પરચૂરણ વસ્તુ આમતેમ પડેલી છે.

મયંકભાઈ : એમાં શું? હું નાનો હતો ત્યારે મને પણ આવી પરચૂરણ વસ્તુ એકઠી કરવાનો ભારે શોખ હતો.

___________________________________________

- **ખંધું :** લુચ્ચું

શિયાળ એકદમ ખંધું. સારું સારું બોલીને બીજાં પ્રાણીઓને ફસાવી દે.

તે શાકવાળો ખંધો છે. ''તમારી જ દુકાન છે.'' એમ કહે ખરો, પણ બે મરચાંય વધારે ના આપે.

___________________________________________

- **બિચારું :** સાવ નબળું, બાપડું, દયા ખાવા જેવું
  ગાડી નીચે પગ આવી ગયો. બિચારું કૂતરું! કોઈ ડૉક્ટર બોલાવો.
  બિચારું સસલું શિયાળની વાતમાં આવી ગયું.

  ---

- **બખોલ :** ઝાડ, પહાડ કે જમીનમાં પાડેલું બાકું, ગુફા જેવું પોલાણ
  ઘુવડ માટીના ટેકરા કે પહાડ પર બખોલમાં રહે, લક્કડખોદ બખોલ જેવો માળો બનાવે.
  કૂતરાને ખાડો કરતાં આવડે, બખોલ બનાવતાં ના આવડે.

  ---

- **પથરાવું :** લાંબા-પહોળા ભાગમાં પડવું, ફેલાઈ જવું
  ચોમાસામાં બધે ઘાસ ઊગી નીકળે ત્યારે કેવું લાગે? મોટ્ટી લીલી ચાદર પથરાઈ હોય એમ લાગે ને!
  ભારે પવન આવ્યો એટલે આખા ઘરમાં ધૂળ પથરાઈ ગઈ.

  ---

- **વરતાવું :** દેખાવું, ઓળખાઈ જવું
  મમ્મી ખૂબ દૂર ઊભાં હતાં. છતાં, મયંકને વરતાઈ ગયાં.
  સંગીતા ગમે ત્યાં જાય, તેની આવડતને કારણે વરતાઈ આવે.

  ---

- **ખુએ :** ખોદે, ઉપર-નીચે કરે
  વાવણી પહેલાં ખેડૂત હળથી ખેતર ખુએ.
  બગીચાની જમીનને પંદર-વીસ દિવસે ખુએ, તો જ ફૂલછોડ સારાં થાય.

  ---

**2. કૌંસમાં આપેલ શબ્દોની મદદથી વાક્યો પૂરાં કરો.**

1. યશોદા માતા કહે, ‘‘સાંજે કૃષ્ણ આવશે ત્યારે એને __________ . (સમજાવવું)
2. બલભદ્રે ઘણી રાહ જોઈ, પરંતુ કૃષ્ણ __________ એટલે એ એકલા ગયા. (ન આવવું)
3. ગોવાળોએ ગિલ્લીદંડો __________ નક્કી કર્યું પણ પછી અગરપાટો રમ્યા. (રમવું)
4. નિશાળમાં રિસેસનો સમય વધી જાય તો અમને બહુ મજા __________ . (પડવું)
5. હજુ તો છોડ નાનો છે, એકાદ મહિના પછી એને ફૂલ __________ . (આવવું)

**3. કૌંસમાં આપેલા શબ્દો પૈકી યોગ્ય શબ્દ પસંદ કરી વાક્યમાં યોગ્ય જગ્યાએ ગોઠવો.**

ઉદા. ગીતાબહેન દરરોજ સફેદ સાડી પહેરીને નિશાળે (આવ્યાં/આવે છે/આવશે).
ગીતાબહેન દરરોજ સફેદ સાડી પહેરીને નિશાળે આવે છે.

1. અમે આવતા વર્ષે ગિરનારનો પ્રવાસ (કરીશું/કરીએ છીએ/કરવાના હતા).

2. બહુ ટકટક ન કરીશ, સાહેબ આવશે તો તને (વઢશે/વઢ્યા/વઢે છે).

3. મને આ કવિતાનો રાગ આવડે છે, મને મારા દાદાએ (શીખવ્યો/શીખવે/શીખવશે) છે.

4. સાહેબ કશું (કહે/કહ્યું/કહેશે) તો ખબર પડે ને કે આજે મેદાનમાં શું રમવાનું છે?

5. અમારે નદીમાં તો (તરવું/તરીશું/તર્યા) છે, પણ અમને કોઈ જવા દે તો ને!

## અધ્યયન નિષ્પત્તિ

**G517 અપરિચિત વિષય પર સ્વતંત્ર લેખન કરી શકે છે.**

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમે ધોરણ 3થી સ્વતંત્ર લેખન કરતા આવ્યા છો. હવે તેને તમારે વધારે વિસ્તારથી લખતાં શીખવાનું છે. આ માટે તમારે તમારું વાંચન પણ વધારવું અને કેળવવું પડશે. સ્વતંત્રલેખન માટે આપેલા વિષય અનુસંધાને શબ્દો વિચારો. તેના આધારે વાક્યો બનાવો. શિક્ષક, વાલી અને મિત્રો સાથે ચર્ચા કરો. આપેલા વિષય મુજબ તમારા અનુભવ અને કલ્પના ઉમેરો.

તમે અગાઉના ધોરણમાં અનુલેખન, સુલેખન, શ્રુતલેખન કર્યું જ હશે. તમને ખબર જ છે કે અનુલેખન એટલે જે છે એને જોઈ જોઈને જ લખવાનું હોય છે, જ્યારે શ્રુતલેખન સાંભળીને લખવાનું હોય છે. તમારા શિક્ષક કે માતા-પિતા શબ્દો કે વાક્યોનું શ્રુતલેખન કરાવતા હોય ત્યારે તમારે એ શબ્દો કે વાક્યો ધ્યાનપૂર્વક સાંભળીને લખવાનાં હોય છે. વળી સુલેખન એટલે સારી રીતે લેખન કરવું. હવે તમારે સ્વતંત્ર લેખન કરવાનું થશે. તમને થશે વળી સ્વતંત્ર લેખન એટલે કેવું લેખન? તો વિદ્યાર્થીમિત્રો! સ્વતંત્ર લેખન એટલે આપવામાં આવેલા કોઈ પણ મુદ્દા વિષે જાતે જ કોઈ પણ પ્રકારના આધાર વગર લખવું.

તમે કોઈને પત્ર લખો છો ત્યારે કોઈ જ આધાર લીધા વગર તમારી જાતે જ તમારા વિચારોને આધારે પત્ર લખો છો.આ સ્વતંત્રલેખનનું જ એક ઉદાહરણ છે. આ ઉપરાંત તમે કોઈ કવિતા, ગીત કે જોડકણાનું સર્જન કરો એ પણ સ્વતંત્રલેખન છે. વળી, મુદ્દા પરથી વાર્તા લખો એ પણ મુક્તલેખન જ છે, પરંતુ વિદ્યાર્થી મિત્રો જ્યારે આપણે મુદ્દા પરથી વાર્તા લખીએ છીએ ત્યારે એક બાબતની કાળજી લેવી ખૂબ જ અનિવાર્ય છે. આપણને જે મુદ્દા આપવામાં આવ્યા છે એ જ મુદ્દાનું આપણે વાક્ય બનાવી દેતા હોઈએ છીએ પરંતુ એવું ન કરતાં આપણે મુદ્દાઓને વિસ્તારવાના છે.

જેમ કે...

જંગલ - પ્રાણીઓ - જંગલનો રાજા - વૃક્ષો કપાવાં - પ્રાણીઓની ચિંતા - પ્રાણીઓનું પલાયન

આવા મુદ્દા આપ્યા હોય ત્યારે આપણે શું કરતાં હોઈએ છીએ કે જે મુદ્દો આપ્યો છે એનું જ વાક્ય બનાવી દઈએ છીએ.

જેમ કે...

એક જંગલ હતું. તેમાં વિવિધ પ્રાણીઓ રહેતા હતા. જંગલમાં એક રાજા હતો. જંગલમાં વૃક્ષો કપાયાં.

આપણે આમ મુદ્દાને જ વાક્ય બનાવીને લખીએ છીએ, પરંતુ એવું ન કરતાં આપણે આ મુદ્દાનો આધાર લઈને એ મુદ્દાઓને વિસ્તારવાના પણ છે.

જેમ કે,

એક ગાઢ અને મોટું જંગલ હતું. એ જંગલમાં વાઘ, સિંહ, ચિત્તા જેવા ખૂંખાર અને સસલું, શિયાળ જેવાં પ્રાણીઓ રહેતાં હતાં. આ બધાં પ્રાણીઓએ એમના રાજા તરીકે સિંહને પસંદ કર્યો એટલે આ જંગલનો રાજા સિંહ બન્યો. જંગલમાં બધાં પ્રાણીઓ શાંતિથી રહેતાં હતાં. પણ દિવસે દિવસે વૃક્ષો કપાવાથી પ્રાણીઓની ચિંતા વધવા લાગી.

વિદ્યાર્થીમિત્રો,

સ્વતંત્રલેખન કરતાં હોઈએ ત્યારે આવી રીતે શબ્દોનો ઉપયોગ કરીને વાક્યનો વિસ્તાર કરીને લેખનને રસપ્રદ બનાવવાનું છે.

આ થઈ મુદ્દા પરથી વાર્તા વિશેની સમજ. પરંતુ નિબંધ લખવાનો હોય ત્યારે પણ તમારે તમારા વિચારોને અભિવ્યક્ત કરવાના છે. જેમાં તમને લખવાનું કોઈ જ બંધન હોતું નથી એટલે જ તેને 'નિબંધ' કહેવામાં આવે છે.

નિબંધના વિષય ગમે તે હોય પરંતુ નિબંધ લખતા હોઈએ ત્યારે જે વિષય પર લખીએ છીએ એ વિષય કેન્દ્રમાં હોવો અનિવાર્ય છે.

- **મહાવરો :**

| | |
|---|---|
| 1. હું બનીશ... | 2. મને ગમતું ફૂલ |
| 3. સરદાર સરોવર | 4. મારા પ્રિય શિક્ષક |
| 5. મને ગમતું પુસ્તક | 6. મારા પ્રિય દેશનેતા |

**અધ્યયન નિષ્પત્તિ**

**G519 ચિત્રવર્ણન કરી શકે અને લખી શકે છે.**

- **સમજ :**

તમે ઘણાં ચિત્રો જોયાં છે. પાઠ્યપુસ્તકો, સામયિકો, વર્ગ, શાળા કે જાહેર સ્થળોએ તમે વિવિધ ચિત્રો જોયાં છે.

ચિત્રોની પણ એક ભાષા હોય છે. ચિત્ર કંઈક કહેતું હોય છે, સંદેશ આપતું હોય છે. ચિત્ર જે તે વિષયવસ્તુને વધુ અસરકારક બનાવે છે. સામગ્રીના મુખ્ય વિચારને ખોલી આપે છે.

તમે આવાં ઘણાં ચિત્રો દોર્યાં પણ છે. વર્ગમાં કોઈ વિષયની સમજ માટે કે કોઈ મુદ્દાની સમજ માટે પણ ચિત્રોનો ઉપયોગ થતો હોય છે.

તમે ચિત્રનું વર્ણન કર્યું જ છે. ચિત્રના આધારે વાર્તા પણ લખી હશે. ચિત્રવર્ણન માટે તમારે ચિત્રનું ધ્યાનપૂર્વક અવલોકન કરવું પડે. ચિત્રમાં શું શું છે? શી ઘટના બની રહી છે? કોણ શું કરી રહ્યું છે? આ રીતે ચિત્રને જોવું પડે છે. કલ્પના કરવી પડે છે. તેને આધારે ક્રમશઃ વાક્યો લખવા પ્રયત્ન કરવો જોઈએ.



ઉપરનું ચિત્ર જુઓ. આ ચિત્રનું વર્ણન લખવા માટે એનું અવલોકન કરો. ચિત્ર કઈ જગ્યાનું છે? ચિત્રમાં શું શું છે? કોણ કોણ છે? બાળકો શું કરે છે? દાદા બાળકને શું કહી રહ્યા હશે? આવા પ્રશ્નો વિચારી વર્ણન લખવા પ્રયત્ન કરો.

નીચે મહાવરામાં આવાં જ ચિત્રો આપ્યાં છે. એનું વર્ણન કે માગ્યા મુજબ ઉત્તર લખવા આ રીતે વિચારો અને લખો.

- **મહાવરો :**

**પ્ર.1 ચિત્ર જોઈને તેના વિશે પાંચ વાક્યો લખો.**



પ્ર.2. અહીં એક ચિત્ર આપ્યું છે જે અડધું ભુસાઈ ગયું છે, ચિત્ર આખું છે એમ વિચારી તેના વિશે લખો.



પ્ર.3. ચિત્રના આધારે વર્ણન કરો.



**અધ્યયન નિષ્પત્તિ**

**G521 પરિચિત પરિસ્થિતિ કે વિષય પર વાક્યો લખી શકે છે.**

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમે ધોરણ 3થી સ્વતંત્ર લેખન કરતા જ આવ્યા છો. હવે તેને તમારે વધારે વિસ્તારથી લખતાં શીખવાનું છે. આ માટે તમારે તમારું વાચન પણ વધારવું અને કેળવવું પડશે. સ્વતંત્રલેખન માટે આપેલા વિષય અનુસંધાને શબ્દો વિચારો. તેના આધારે વાક્યો બનાવો. શિક્ષક, વાલી અને મિત્રો સાથે ચર્ચા કરો. આપેલા વિષય મુજબ તમારા અનુભવ અને કલ્પના ઉમેરો.

કોઈ પરિચિત પરિસ્થિતિનું વર્ણન કરવા માટે તે પરિસ્થિતિ કેમ બની હશે ? તેમાં કયાં પાત્રો છે ? તેમાં સારું-

નરસું શું છે? આ બધી બાબતો વિચારી વર્ણન કરી શકો. જેમ કે, તમે મેળામાં ગયા હશો. હવે મેળાનું વર્ણન કરવા માટે મેળામાં ક્યાં ગયા હતા? મહત્ત્વ-ઇતિહાસ શું? ત્યાં કોની સાથે ગયા હતા? શું શું હતું? શું ખરીદી કરી? શું શું જોયું? શું ખૂબ ગમ્યું? વગેરે બાબતો વિશે વિચારી કહી-લખી શકો.

તો ક્યારેક કોઈ મૂળાક્ષર, શબ્દ પરથી વાક્ય લખવાનું પણ બને. જે તે શબ્દને સંબંધિત બાબત વિચારી શબ્દો ઉમેરી વાક્ય લખી શકાય.

જેમ કે, વરસાદ : મને વરસાદમાં ભિંજાવું ગમે.

નીચે મહાવરામાં આવા કેટલાક પ્રશ્નો આપ્યા છે. જેના ઉત્તર લખવા પ્રયત્ન કરો.

- **મહાવરો :**

1. **'ક' અક્ષરથી શરૂ થતી ઘરની વસ્તુઓનાં નામ અને તેનો ઉપયોગ લખો.**
   ઉદા. કબાટ : કપડાં મૂકવા માટે ઉપયોગી છે.
2. **કૌંસમાં આપેલ શબ્દોનો ઉપયોગ કરી તમારા ગામ વિશે પાંચ-સાત વાક્યો લખો.**
   (નામ, તળાવ, રસ્તા, શાળા, સુવિધાઓ, લોકોનો વ્યવસાય, ખેતી, ગ્રામપંચાયત, જાહેરસ્થળો, મેળો)
3. **વહેલી સવારના વાતાવરણનું વર્ણન કરો.**
4. **તમને ગમતા તહેવાર વિશે પાંચ-સાત લીટી લખો.**

**અધ્યયન નિષ્પત્તિ**

**G527 સ્થાનિક બોલી/ભાષાના શબ્દોનો માન્યભાષામાં અર્થ શોધવા માટે શબ્દકોશનો ઉપયોગ કરી શકે છે.**

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, આપણી બોલચાલની ભાષામાં કેટલાક શબ્દો સ્થાનિક વિસ્તાર મુજબ બોલાતા હોય છે. એક વાક્ય જોઈએ : "સોકરાં અમણ જ નેહાર ભણી જ્યાં." તમે પણ આવાં શબ્દો-વાક્યો બોલતાં હશો. તમારાં ઘર, ગામ, વિસ્તારમાં આવા શબ્દો બોલાતા સાંભળ્યા જ હશે. આવા શબ્દોના માન્ય અર્થ આપણે જાણવા જોઈએ. જેમ કે, 'નેહાર' શબ્દનો માન્ય શબ્દ 'નિશાળ' થાય. આ રીતે સ્થાનિક બોલીના માન્ય શબ્દો જાણવા શિક્ષક, વાલી કે મિત્રો સાથે ચર્ચા કરવી જોઈએ.

હવે માન્ય શબ્દોના અર્થ શોધવા આપણને શબ્દકોશ ઉપયોગી થઈ શકે છે. શબ્દકોશમાં શબ્દો ચોક્કસ ક્રમમાં આપેલા હોય છે. આ ક્રમ જાણી લઈએ તો આપણે શબ્દનો અર્થ સરળતાથી શોધી શકીએ છીએ. જેમ કે, નિશાળ, છોકરો, હમણાં આ શબ્દમાં કયો શબ્દ પહેલો આવશે? એ શોધવા માટે આ શબ્દોના પ્રથમ અક્ષરને જુઓ. કયો અક્ષર પહેલો આવશે? જે અક્ષર કક્કા મુજબ ક્રમમાં પહેલો આવે તે પ્રમાણે શબ્દકોશમાં જુઓ.

શબ્દકોશમાં શબ્દોને કક્કા મુજબ ક્રમ પ્રમાણે ગોઠવવામાં આવે છે.

1. શબ્દોને પ્રથમ બારાક્ષરી પ્રમાણે તેમજ કક્કાવારીના ક્રમમાં ગોઠવવામાં આવે છે.
   બારાક્ષરીનો ક્રમ : અ, અં, આ, ઈ  કક્કાનો ક્રમ : ક, ખ, ગ, ઘ
2. શબ્દકોશમાં સૌથી પહેલાં 'અ' થી શરૂ થતાં છેલ્લે 'હ' થી શરૂ થતાં શબ્દો આવશે. 'ક્ષ' એ 'ક્' અને 'શ' નો જોડાક્ષર હોવાથી 'ક્ષ'થી શરૂ થતા શબ્દો કના ક્રમમાં આવે છે.
   'જ્ઞ' એ 'જ્' અને 'ઞ' નો જોડાક્ષર હોવાથી 'જ્ઞ' થી શરૂ થતા શબ્દો - 'જ'ના ક્રમમાં આવે છે.
3. 'ક' થી 'હ' સુધી અક્ષરોને શબ્દકોશના ક્રમમાં ગોઠવાય છે. 'ક' નો આવો ક્રમ નીચે પ્રમાણે થાય છે:
   ક, કં, કા, કાં, કિ, કિં, કી, કીં, કુ, કું, કૂ, કૂં, કૃ, કે, કૅ, કેં, કૈ, કૈં, કો, કૉ, કોં, કૌ, કૌં, ક્, કં...
4. શબ્દોનો પ્રથમ અક્ષર સમાન હોય તો બીજા અક્ષર પ્રમાણે અને બીજો અક્ષર સમાન હોય તો ત્રીજા અક્ષર પ્રમાણે આગળ વધવું. ઉદા. વિષય, વિષમ, વિપદમાં 'વિ' સમાન છે. 'પ' અને 'ષ' માં 'પ' આગળ આવે, આથી પહેલો શબ્દ 'વિપદ' આવે. બાકીના બે શબ્દોમાં 'વિ' અને 'ષ' સમાન છે તેથી ત્રીજા અક્ષર 'ય' અને 'મ' માં આગળ 'મ' આવે. આમ, આ શબ્દોનો ક્રમ આ પ્રમાણે આવે : વિપદ, વિષમ, વિષય.
5. જે-તે અક્ષરનો બારાક્ષરીનો ક્રમ પૂરો થતાં જોડાક્ષરનો ક્રમ શરૂ થાય છે. તેમાં જોડાનાર અક્ષરોના ક્રમ પણ કક્કા પ્રમાણે નક્કી થાય છે. જેમ કે, 'સ્મિત' અને 'સ્થિર'માં 'સ્થિર' પછી 'સ્મિત' આવે.
6. સ્વરોનો ક્રમ પણ બારાક્ષરીના ક્રમ પ્રમાણે નક્કી થાય છે.

અહીં નીચે કેટલાક મહાવરા આપ્યા છે. તે કરી જુઓ. એટલે તમને આ બાબત વધુ સમજાશે.

- **મહાવરો :**

**1. નીચેના શબ્દોના માન્ય ભાષાના અર્થ શોધો અને લખો.**

ઉદાહરણ : આંહુડાં - આંસુ

- હાલવું - ____________
- ભાળવું - ____________
- માણહ - ____________
- સિપાયું - ____________
- ગનો - ____________
- ટાણું - ____________

**2. તમારા વિસ્તારમાં બોલાતી બોલીના શબ્દો લખો. તેના માન્ય ભાષાના અર્થ શબ્દકોશની મદદથી શોધો.**

**3. ધોરણ-6 ગુજરાતીના'એકમ 6 લેખણ ઝાલી નો રહી'માં ઘણા સ્થાનિક બોલીના શબ્દો વપરાયા છે. આ શબ્દો શોધી તેના માન્ય અર્થ શબ્દકોશની મદદથી લખો.**

**4. શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

(1) સ્થળ, વિભાગ, બારી, શાળા, સ્ટેશન  (2) મૂર્તિ, નુકસાન, નાક, વીસ, યુવક

## અધ્યયન નિષ્પત્તિ

**G528 લિંગ, વચન, કાળ, વિરામચિહ્નો, ક્રિયાપદો, વિશેષણ સમજીને ઉપયોગ કરે છે.**

- **સમજ :**
- **વિરામચિહ્નો :**

ભાષાલેખનમાં વિરામચિહ્નોનું ઘણું મહત્ત્વ છે. ખાસ કરીને અર્થ કે ભાવ અનુસાર ભાષાને સચોટ બનાવવા વિરામચિહ્નો આવશ્યક છે. કેટલાંક ઉપયોગી વિરામચિહ્નોનો પરિચય કેળવીએ.

### 1. પૂર્ણવિરામ : (.)

- કાશી નગરીમાં એક મોચી રહેતો હતો.
- લિ. (લિખિતંગ), ચિ. (ચિરંજીવ)

પૂર્ણવિરામનો ઉપયોગ વાક્ય પૂર્ણ થતું દર્શાવવા થાય છે. શબ્દોને ટૂંકમાં લખવાના થાય ત્યારે પણ પૂર્ણવિરામનો ઉપયોગ થાય છે.

### 2. અલ્પવિરામ : (,)

- બેફિકર રહો મહારાજ, વાયદો નહીં ચૂકું.
- પ્રાચી, નિર્મલ, કૃતિ અને હિમાંશુ પુસ્તકાલયમાં ગયાં.

અલ્પવિરામનો ઉપયોગ સંબોધન કરવા, બેથી વધારે પદો કે શબ્દસમૂહો પછી તથા દીર્ઘ વાક્યોમાં વચ્ચે અટકવાની જરૂર પડે ત્યારે થાય છે.

### 3. પ્રશ્નચિહ્ન : (?)

- કેમ મૂંગા થઈ ગયા?
- આવું મફતનું સોનું શું કરવું છે?

વાક્યમાં પ્રશ્નનો ભાવ દર્શાવવા માટે વાક્યના અંતે પ્રશ્નચિહ્ન મૂકવામાં આવે છે. જેથી વાચક-ભાવક તે પ્રશ્નવાક્ય છે એમ સમજી શકશે. ‘ક્યાં’, ‘કેમ’, ‘કેવું’, ‘શા માટે’, ‘કઈ’, ‘કોણ’, ‘કોનું’ વગેરે શબ્દો પ્રશ્નનો ભાવ દર્શાવે છે.

### 4. ઉદ્‌ગારચિહ્ન : (!)

- શા વિચારમાં પડી ગયા છો, મહારાજ!
- જોયું તો ઓજાર બધાં સોનાનાં!

આશ્ચર્ય, પીડા, ધિક્કાર, હર્ષ, પ્રશંસા કે દુઃખની લાગણી બતાવવા વાક્યમાં ઉદ્‌ગાર ચિહ્ન વપરાય છે. ક્યારેક કટાક્ષ કરવામાં પણ ઉદ્‌ગાર ચિહ્ન વપરાય છે. જેમ કે,

- તું તો બહુ બહાદુર ! સસલી જોઈને ભાગ્યો !

- **વચન :**

હવે આપણે 'વચન' વિશે સમજ મેળવીએ.

- **નીચેની સંજ્ઞાઓ વાંચો :**

**વિદ્યાર્થી, ગધેડું, લખોટીઓ, પંખો, પુસ્તકો, કીડીઓ, બાળક, ઘોડો, હાથી** સંજ્ઞા દ્વારા દર્શાવાતી વસ્તુ, વ્યક્તિ કે પ્રાણી એ એક છે કે વધુ છે એવો ભેદ 'વચન' વડે દર્શાવાય છે. જેમ કે, કોઈ શબ્દ બોલવાથી તે એક જ વસ્તુ, વ્યક્તિ કે પ્રાણી છે એમ સમજાય ત્યારે તે શબ્દ 'એકવચન' કહેવાય છે.

**ઉદાહરણ :** વૃક્ષ, બાળક, પાટલી

જ્યારે કોઈ શબ્દ બોલવાથી તે એક કરતાં વધારે વ્યક્તિ, વસ્તુ કે પ્રાણી છે એમ સમજાય ત્યારે તે 'બહુવચન' કહેવાય છે.

**ઉદાહરણ :** વૃક્ષો, બાળકો, પાટલીઓ

- **લિંગ :**

**નીચેના શબ્દો વાંચો :**

1. છોકરી, દાસી, રાણી, કૂતરી, ચકલી, વાંસળી, છત્રી વગેરે
2. મોરલો, છોકરો, ઘોડો, વાંદરો, પંખો, ઘડો, ખાટલો વગેરે
3. છોકરું, કૂતરું, આંગણું, બારણું, રમકડું વગેરે

ઉપરક્રમ (1)માં આપેલા શબ્દોમાં 'ઈ' પ્રત્યય લાગેલો છે. જે શબ્દોની પાછળ 'ઈ' પ્રત્યય લાગેલો હોય તેને મોટે ભાગે સ્ત્રીલિંગ કહે છે.

હવે ક્રમ (2)માં આપેલા શબ્દોમાં 'ઓ' પ્રત્યય લાગેલો છે, જે શબ્દોની પાછળ 'ઓ' પ્રત્યય લાગેલો હોય તેને મોટે ભાગે પુલ્લિંગ કહે છે.

જ્યારે ક્રમ (3)માં આપેલા શબ્દોમાં 'ઉં' પ્રત્યય લાગેલો છે. જે શબ્દોની પાછળ 'ઉં' પ્રત્યય લાગેલો હોય તેને નપુંસકલિંગ કહે છે.

શબ્દમાં લિંગને ઓળખવા માટે 'કેવી', 'કેવો' કે 'કેવું' જેવા પ્રશ્ન પૂછવાથી લિંગ વિશે સરળતાથી જાણી શકાય છે.

જેમ કે, ચકલી કેવી? (સ્ત્રીલિંગ), ઘોડો કેવો? (પુલ્લિંગ), કૂતરું કેવું? (નપુંસકલિંગ)

- **મહાવરો :**

**1. નીચેના દરેક વિરામચિહ્નોનો ઉપયોગ થયો હોય તેવાં બે-બે વાક્યો પાઠ્યપુસ્તકમાંથી શોધીને લખો.**

(1) પૂર્ણવિરામ (2) અલ્પવિરામ (3) પ્રશ્નચિહ્ન (4) ઉદ્‌ગારચિહ્ન

**2. નીચેના ફકરામાં યોગ્ય વિરામચિહ્નો મૂકી સુવાચ્ય અક્ષરે તમારી નોટબુકમાં લખો :**

વૉલ્ટરે કહ્યું મેં એને કહ્યું કે તમે મૂંઝાશો નહિ ગભરાશો નહિ સહેજે હિંમત હારશો નહિ આજ ભલે તમે ચાલી શકતા ન હો પણ એક દિવસ આપણે જરૂર ઊંચામાં ઊંચા કૂદકા લગાવી શકીશું.

**3. નીચે આપેલા શબ્દોમાંથી એકવચન અને બહુવચનવાળા શબ્દો જુદા પાડો :**

(કડલું, હંસલો, ઘોડા, બેરખા, બારણાં, સાંકળ, હીંચકો, આંબો, વડલો, માથાં, મોળિયો)

**4. નીચે આપેલા શબ્દોનું સ્ત્રીલિંગ, પુલ્લિંગ કે નપુંસકલિંગમાં વર્ગીકરણ કરો :**

પિતા, સૂર્યકિરણ, શિક્ષક, પુસ્તક, કુમળી, દીકરો, ઉજાસ, કિશોર, ભીમરાવ, જ્ઞાતિ, આઝાદી, બાળક, પુત્ર

| સ્ત્રીલિંગ | પુલ્લિંગ | નપુંસકલિંગ |
|---|---|---|
| | | |

**અધ્યયન નિષ્પત્તિ**

**G529 વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરી શકે છે.**

- **સમજ :**
- **ઉચ્ચારણ વિષયક સજ્જતા : 'સ' અને 'શ'**

આપણે ઘણીવાર 'સ' ને બદલે 'શ' અને 'શ' ને બદલે 'સ' નો ઉચ્ચાર કરતાં હોઈએ છીએ. 'સ'ને બદલે 'શ'ના ઉચ્ચારથી શબ્દનો અર્થ બદલાય છે તે સમજીએ.

- **'સ' અને 'શ' વાળા શબ્દોના અર્થભેદ :**

| | |
|---|---|
| સર - સરોવર | શર - બાણ |
| સૂર - અવાજ | શૂર - શૌર્ય |
| સાર - કસ | શાર - છિદ્ર |
| કેસ - મુકદ્દમો | કેશ - વાળ |
| સત - સત્ય | શત - સો |
| પાસ - ઉત્તીર્ણ | પાશ - ફાંસો |

- **સંજ્ઞા :**

  - ગાંધીજીએ સત્યાગ્રહ કર્યો.
  - મોર આપણું રાષ્ટ્રીય પક્ષી છે.
  - હિમાલય સૌથી ઊંચો પર્વત છે.
  - સત્યનો હંમેશાં વિજય થાય છે.
  - લીમડાનું દાતણ ઉત્તમ હોય છે.

ઉપરનાં વાક્યોમાં ગાંધીજી, હિમાલય, લીમડો, દાતણ, મોર, પક્ષી, સત્ય વગેરે શબ્દો કોઈ ચોક્કસ વ્યક્તિ, સ્થળ કે પદાર્થની ઓળખ સૂચવે છે. ઓળખ સૂચવતા આવા શબ્દો 'સંજ્ઞા' તરીકે ઓળખાય છે.

- **સર્વનામ :**

**નીચેનો ફકરો વાંચો :**

**રમેશ** વેકેશનમાં પાવાગઢના પ્રવાસે ગયો હતો. ત્યાં **રમેશ**ને રોપ-વેમાં બેસવાની ખૂબ મજા આવી. **રમેશે** તે વાત શાળામાં આવીને મિત્રોને કહી. **રમેશે** પ્રવાસ દરમિયાન પાડેલા જુદા જુદા ફોટા પણ બતાવ્યા. **રમેશ**ના મિત્રોને પ્રવાસવર્ણન સાંભળવાની અને ફોટા જોવાની ખૂબ જ મજા આવી.

ઉપરના ફકરામાં **રમેશ** શબ્દ કેટલી વાર વપરાયો છે? એક જ શબ્દ વારંવાર આવે છે ત્યારે લખાણ લાંબું થતું જાય છે અને વાંચવામાં પણ કંટાળો આવે છે.

હવે, ઉપરનો ફકરો થોડા ફેરફાર સાથે નીચે દર્શાવ્યો છે તે વાંચો :

**રમેશ** વેકેશનમાં પાવાગઢના પ્રવાસે ગયો હતો. ત્યાં **તેને** રોપ-વેમાં બેસવાની ખૂબ મજા આવી. **તેણે** તે વાત શાળામાં આવીને મિત્રોને કહી. **તેણે** પ્રવાસ દરમિયાન પાડેલા જુદા જુદા ફોટા પણ બતાવ્યા. **તેના** મિત્રોને પ્રવાસ-વર્ણન સાંભળવાની અને ફોટા જોવાની ખૂબ જ મજા આવી.

આ રીતે નામના બદલે જે શબ્દ વપરાય છે તેને સર્વનામ કહેવાય છે. બીજા ફકરામાં વપરાયેલાં તેને, તેણે, તેના વગેરે શબ્દો સર્વનામ છે.

- **મહાવરો :**

**1. કૌંસમાંથી યોગ્ય અક્ષર પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

| | |
|---|---|
| પ્રવે... (સ, શ) | અ...ષ (શે, સે) |
| સંકડા... (શ, સ) | નિરા.... (સા, શા) |
| નુક....ન (સા, શા) | રિ....સ (શે, સે) |
| ....રો (સી, શી) | અં....લ (શુ, સુ) |

**2. જ્યાં 'સ' અને 'શ' ની ભૂલ થઈ છે તે શોધો. ભૂલ સુધારીને શબ્દ ફરીથી લખો.**

શગડી, સાંતિ, પ્રકાસ, સનિવાર, સૃષ્ટિ, સરશ, આસીર્વાદ, શૈનિક, ઑગસ્ટ

**3. આપેલી શબ્દજોડમાંથી કયો શબ્દ સાચો છે તે શોધો, લખો અને મોટેથી વાંચો.**

| | |
|---|---|
| પાસે - પાશે | સ્ટેસન - સ્ટેશન |
| ઑફિસ - ઑફિશ | પૈસા - પૈશા |
| શાવરણી - સાવરણી | શાબાશ - સાબાસ - સાબાશ |

**4. નીચેનાં વાક્યોમાંથી સંજ્ઞા અને સર્વનામ ઓળખો.**

1. અનિશભાઈ તેમના નાના ભાઈનો ફોટો પાડે છે.
2. રેશમાએ તેની આંગળી ઊંચી કરી.
3. ભદ્રા તેના મિત્રને મળી.
4. ચકલીએ તેના માળામાં ઈંડાં મૂક્યાં.
5. બધાં બાળકોએ પોતાનાં દફતર ઊંચક્યાં.

**5. નીચેના ફકરામાં સર્વનામ મૂકી ફકરો ફરીથી લખો.**

અનિરુદ્ધને જીવજંતુ ખૂબ ગમે છે. અનિરુદ્ધના દોસ્ત ભદ્રેશને જીવજંતુનો ડર લાગે છે. ભદ્રેશ કહે, ''ભદ્રેશને જીવજંતુ કરડી જાય તો?'' અનિરુદ્ધ કહે, ''જીવજંતુ તો કેટલાં નાનાં નાનાં હોય ! જીવજંતુઓને ભદ્રેશ અનિરુદ્ધની ડબ્બીમાં મૂકીને જો. ભદ્રેશને જીવજંતુ બધાં ગમી જશે.''

**અધ્યયન નિષ્પત્તિ**

**G530 ચિત્રોને આધારે વાર્તાકથન કરી શકે છે.**

- **સમજ :**

તમે ઘણાં ચિત્રો જોયાં છે. પાઠ્યપુસ્તકો, સામયિકો, વર્ગ, શાળા કે જાહેરસ્થળોએ તમે વિવિધ ચિત્રો જોયાં છે. ચિત્રોની પણ એક ભાષા હોય છે. ચિત્ર કંઈક કહેતું હોય છે, સંદેશ આપતું હોય છે. ચિત્ર જે તે વિષયવસ્તુને વધુ અસરકારક બનાવે છે. સામગ્રીના મુખ્ય વિચારને ખોલી આપે છે. તમે આવાં ઘણાં ચિત્રો દોર્યાં પણ છે. વર્ગમાં કોઈ વિષયની સમજ માટે કે કોઈ મુદ્દાની સમજ માટે પણ ચિત્રોનો ઉપયોગ થતો હોય છે.

તમે ચિત્રનું વર્ણન કર્યું જ છે. ચિત્ર આધારે વાર્તા પણ લખી હશે. ચિત્ર વર્ણન માટે તમારે ચિત્રનું ધ્યાનપૂર્વક અવલોકન કરવું પડે. ચિત્રમાં શું શું છે? શી ઘટના બની રહી છે? કોણ શું કરી રહ્યું છે? આ રીતે ચિત્રને જોવું પડે છે. કલ્પના કરવી પડે છે. તેને આધારે ક્રમશઃ વાક્યો લખવા પ્રયત્ન કરવો જોઈએ.

તમે ઘણી વાર્તાઓ સાંભળી છે. કહી પણ હશે. તમે કોઈ ચિત્રો પરથી પણ વાર્તા સાંભળી, કહી અને લખી હશે. ચાલો, આપણે સમજ મેળવીએ.



ચિત્રવાર્તા કહેવા કે લખવા માટે આપેલાં ચિત્રોનું અવલોકન કરવું પડે છે. અહીં આપેલાં ચિત્રો ક્રમિક હોય છે. એમાં બનતી ઘટનાઓ ક્રમશઃ હોય છે. જે તે ચિત્રમાં કઈ ઘટના બની રહી છે તે મુજબ વર્ણન કરતાં જવાનું હોય છે. જેમ કે, ઉપરનાં વાર્તાચિત્રનું પ્રથમ ચિત્ર જુઓ. એમાં શું ઘટના બની રહી છે? પ્રથમ ચિત્રમાં જોઈ શકાય છે કે એક કાગડો ચાંચમાં પૂરી લઈને ઝાડ પર બેઠો છે. હવે બીજું ચિત્ર જુઓ. એમાં શું બની રહ્યું છે. ક્યારેક વાર્તાની ઘટના મુજબ વાર્તાને વધુ અસરકારક બનાવવામાં એમાં કલ્પના પણ ઉમેરવી પડતી હોય છે. જેમ કે, ત્યાં જ એક શિયાળ આવી ચડ્યું. શિયાળે કાગડાના મોઢામાં પૂરી જોઈ. તેને ખૂબ ભૂખ લાગી હતી. તે ઘણા સમયથી ખોરાકની શોધમાં હતું. આ રીત જરૂરિયાત મુજબનું વર્ણન વાર્તાને વધુ રસિક અને ચોટદાર બનાવે છે. આ પ્રમાણે વાર્તાને ક્રમશઃ આગળ વધારી શકાય.

આગળ મહાવરામાં આવી જ કેટલીક પ્રવૃત્તિઓ આપી છે. ચાલો, પ્રયત્ન કરો. તમને જરૂર ફાવશે.

● મહાવરો :

1. નીચેનાં ચિત્રોને આધારે વર્ગમાં કે પ્રાર્થના સંમેલનમાં વાર્તા કહો.



2. શાળા પુસ્તકાલયમાંથી ચિત્રવાર્તાનાં પુસ્તકો મેળવો. અને ચિત્રોને આધારે વર્ગમાં કે પ્રાર્થના સંમેલનમાં વાર્તા કહો.

# 1. રેલવેસ્ટેશન

## અધ્યયન નિષ્પત્તિ

G 601 વાર્તા, કાવ્યો, ચિત્રવર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે.

G 602 પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં પ્રસંગો તથા સ્થળો વિશે વાતચીત અને સંવાદો સમજે છે તથા રજૂઆત કરે છે.

G 607 સાંકેતિક બૉર્ડ, સમય પત્રક, ટ્રાફિક સિગ્નલ, નકશા, પ્રતીકો, ચિત્રો, સમાચારપત્રો, સામયિકો અને સંદર્ભ સાહિત્ય વગેરે વાંચી સમજી શકે છે તથા વિગતો તારવી શકે છે.

G 610 પ્રત્યક્ષ મુલાકાત વખતે આત્મવિશ્વાસપૂર્વક પોતાની વાત રજૂ કરી પ્રશ્નોત્તરી કરી શકે છે.

**પ્રશ્ન 1. સંવાદ પૂર્ણ કરો.**

ટી.સી. : જરા આપની ટિકિટ બતાવશો?

મુસાફર : ______________________

ટી.સી. : અરે! આપ તો કોઈ બીજા કોચમાં બેઠા છો!

મુસાફર : ______________________

ટી.સી. : પણ, આ આપનો કોચ નથી.

મુસાફર : ______________________

ટી.સી. : આપે તો S7 કોચમાં બેસવાનું છે.

મુસાફર : ______________________

**પ્રશ્ન 2. તમે રેલવેસ્ટેશન, બસસ્ટેશન કે બજારની મુલાકાત લીધી હશે. ત્યાં જોવા મળતી વિવિધ દુકાનોનાં નામ લખો અને તેમાં વપરાયેલા અંગ્રેજી શબ્દો લખો.**

**ઉદાહરણ :** કેતુલ પ્રોવિઝન સ્ટોર - પ્રોવિઝન, સ્ટોર

1. ______________ : ________, ________

2. ______________ : ________, ________

3. ______________ : ________, ________

4. ______________________ : ____________, ____________

5. ______________________ : ____________, ____________

**પ્રશ્ન 3. માગ્યા મુજબ ઉત્તર લખો.**

1. તમારી શાળામાં તમારા જન્મદિવસની ઊજવણી કેવી રીતે થાય છે ?

2. તમારો મિત્ર કચરાપેટીની બહાર કચરો ફેંકી રહ્યો છે. તમે શું કરશો ?

3. તમે ઘણાં સ્થળોની મુલાકાત લીધી હશે. આ પૈકી તમને કયું સ્થળ સૌથી વધારે ગમ્યું ? શા માટે ?

**પ્રશ્ન 4. ચિત્રના આધારે પ્રશ્નોના ઉત્તર લખો.**



1. આ ચિત્ર કયા સ્થળનું છે ?

______________________________

2. આ ચિત્ર જોઈને તમને કયો સમય હોય એવું લાગે છે ?

______________________________

3. ચિત્રમાં કયા વ્યવસાય સાથે સંકળાયેલા લોકો નજરે પડે છે ?

______________________________

4. બાળકો કયા વૃક્ષ નીચે રમી રહ્યાં છે ?

______________________________

5. સ્ત્રીઓને કૂવામાંથી પાણી શા માટે ભરવું પડતું હશે ?

______________________________

6. તમારી શેરી, મહોલ્લા, સોસાયટી કે વિસ્તારનું વર્ણન કરો.

______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન 5. તમારે ગ્રામપંચાયત કચેરીની મુલાકાતે જવાનું છે. ત્યાં તમે કેવા કેવા પ્રશ્નો પૂછશો? પ્રશ્નો બનાવીને લખો.**

1. ______________________________
2. ______________________________
3. ______________________________
4. ______________________________
5. ______________________________

**પ્રશ્ન 6. તમે તમારા ઘરના સભ્યો સાથે કોઈ વાહનમાં મુસાફરી કરી રહ્યા છો. રોડ પર આવતાં ટ્રાફિક ચિહ્નો જોઈ તમે શું કરશો તે લખો.**

1.  નિશાની આવે તો શું કરશો?

______________________________

______________________________

2.  નિશાની આવે તો શી કાળજી રાખશો?

______________________________

______________________________

3.  નિશાની શું સૂચવે છે?

______________________________

______________________________

4.  નિશાની આવે તો શું કરશો?

______________________________

______________________________

5.  નિશાની આવે તો ગાડી ચલાવવામાં શી સાવચેતી રાખશો?

_______________________________________________

_______________________________________________

6. નીચેના પૈકી કઈ નિશાની 'ફક્ત ડાબી બાજુ' વાહન હાંકવાનું સૂચવે છે?

(અ)  (બ)  (ક)  (ડ) 

**પ્રશ્ન 7. સમયપત્રકના આધારે પ્રશ્નોના ઉત્તર લખો.**

| બસ | આવવાનો સમય | ઊપડવાનો સમય |
|---|---|---|
| કડી - વડોદરા | 7:45 am | 7:50 am |
| અમદાવાદ - ખંભાત | 9:31 am | 9:35 am |
| ડીસા- આણંદ | 10:20 am | 10:27 am |
| અમદાવાદ - ધર્મજ | 10:25 am | 10:35 am |
| અમદાવાદ - આણંદ | 11:05 am | 11:08 am |
| અંબાજી - પેટલાદ | 11:32 am | 11:36 am |

1. કઈ બસ સૌથી વધુ સમય માટે સ્ટેશન પર રોકાય છે?

_______________________________________________

2. કઈ કઈ બસ સ્ટેશન પર 4 મિનિટ રોકાય છે?

_______________________________________________

3. કઈ બસ સૌથી ઓછો સમય સ્ટેશન પર રોકાય છે ?

_______________________________________________

4. સૌથી છેલ્લે ઊપડતી બસ કઈ છે ?

_______________________________________________

5. 10:00 am અને 11:00 am વાગ્યાની વચ્ચે કઈ કઈ બસ સ્ટેશન પર આવે છે ?

_______________________________________________

6. સ્ટેશન પર આવતી સૌ પ્રથમ બસ કઈ હશે ?

---

7. અમદાવાદથી કેટલી બસો ઊપડે છે ?

---

### રચનાત્મક મૂલ્યાંકન :

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | ✗ | ? | ✓ |
| G 601 | વાર્તા, કાવ્યો, ચિત્રવર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે. | | | |
| G 602 | પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં પ્રસંગો તથા સ્થળો વિશે વાતચીત અને સંવાદો સમજે છે તથા રજૂઆત કરે છે. | | | |
| G 607 | સાંકેતિક બૉર્ડ, સમય પત્રક, ટ્રાફિક સિગ્નલ, નકશા, પ્રતીકો, ચિત્રો, સમાચારપત્રો, સામયિકો અને સંદર્ભ સાહિત્ય વગેરે વાંચી સમજી શકે છે તથા વિગતો તારવી શકે છે. | | | |
| G 610 | પ્રત્યક્ષ મુલાકાત વખતે આત્મવિશ્વાસપૂર્વક પોતાની વાત રજૂ કરી પ્રશ્નોત્તરી કરી શકે છે. | | | |

તારીખ : ____________ શિક્ષકની સહી ____________

# 2. હિંદમાતાને સંબોધન

## અધ્યયન નિષ્પત્તિ

G 601 વાર્તા, કાવ્યો, ચિત્રવર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે.

G 609 શિક્ષકની મદદથી શબ્દકોશ, બાળકોશ અને બાળવિશ્વકોશનો ઉપયોગ કરી આશરે 3000 જેટલા શબ્દો સમજી અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરે છે.

G 611 પાઠ્યપુસ્તક અને વાંચેલી, સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા ‘શા માટે?’, ‘કેવી રીતે?’ જેવા પ્રશ્નો પૂછી, કાર્યકારણ સંબંધો તારવી જવાબ આપે છે, ઉકેલ મેળવે છે.

G 615 કાવ્ય પંક્તિઓનું પદ્યમાંથી ગદ્યમાં તેમજ ગદ્યમાંથી પદ્યમાં લેખન કરે છે. કાવ્યપૂર્તિ કરે છે અને ગદ્ય-પદ્ય સૂક્તિનો વિચારવિસ્તાર કરે છે.

G 619 ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, જોડણી, રૂઢિપ્રયોગ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી વગેરે સારાંશલેખન જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.

**પ્રશ્ન 1. કાવ્યપંક્તિઓને યોગ્ય ક્રમમાં ગોઠવો.**

1. હિંદુ અને મુસલમાન : વિશ્વાસી, પારસી, જિન :  
ઓ હિંદ! દેવભૂમિ! સંતાન સૌ તમારાં!  
દેવી! સમાન રીતે સંતાન સૌ તમારાં!  
કરીએ મળીને વંદન! સ્વીકારજો અમારાં!

______________________________

______________________________

______________________________

______________________________

2. રોગી અને નિરોગી, નિર્ધન અને તવંગર,  
પોષો તમે સહુને, શુભ ખાનપાન બક્ષી :  
જ્ઞાની અને નિરક્ષર : સંતાન સૌ તમારાં!  
સેવા કરે બને તે સંતાન સૌ તમારાં!

______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન 2. કૌંસમાં આપેલ શબ્દો પૈકી યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો.**

(બધાની, સૌ, ઉપાસના, જનની, એકબીજાને, સૌની, માતા, બધા, પરસ્પર, પ્રાર્થના)

__________ સમાન માતા, સૌએ સમાન તેથી :

ના ઉચ્ચનીચ કોઈ સંતાન __________ તમારાં!

ચાહો બધાં __________ સાહો બધાં પરસ્પર :

એ __________ કરે આ સંતાન સૌ તમારાં!

**પ્રશ્ન 3. અહીં એક કાવ્યની પંક્તિઓ આપેલી છે. જેના આધારે માગ્યા મુજબ ઉત્તર લખો.**

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!
જ્યાં જ્યાં ગુજરાતી બોલાતી, ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત!
ઉત્તર દક્ષિણ પૂર્વ કે પશ્ચિમ, જ્યાં ગુર્જરનો વાસ;
સૂર્ય તણાં કિરણો દોડે ત્યાં સૂર્ય તણો જ પ્રકાશ.
જેની ઉષા હસે હેલાતી, તેનાં તેજ પ્રફુલ્લ પ્રભાત;
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!
ગુર્જર વાણી, ગુર્જર લહાણી, ગુર્જર શાણી રીત;
જંગલમાં પણ મંગલ કરતી, ગુર્જર ઉદ્યમ પ્રીતઃ
જેને ઉર ગુજરાત હુલાતી, તેની સુરવન તુલ્ય મિરાત;
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!

- અરદેશર ખબરદાર

**1. ઉદાહરણ મુજબના શબ્દો બનાવો.**

ગુજરાત - ગુજરાતી

__________ - __________

__________ - __________

__________ - __________

2. કાવ્યમાંથી એવા શબ્દો શોધીને લખો જેના વિરુદ્ધાર્થી શબ્દો તમે જાણો છો.

ઉદાહરણ : ઉષા × સંધ્યા

______ × ______    ______ × ______

______ × ______    ______ × ______

3. કાવ્યમાંથી એવા શબ્દો શોધીને લખો જેના સમાનાર્થી શબ્દો તમે જાણો છો.

ઉદાહરણ : ઉષા – પરોઢ

______ – ______    ______ – ______

______ – ______    ______ – ______

4. પ્રાસયુક્ત શબ્દો લખો.

ગુજરાતી - ______, ______

વાણી - ______, ______

રીત - ______, ______

5. 'જંગલમાં પણ મંગલ' એટલે શું?

______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન 4. નીચે આપેલા શબ્દો સાથે સંબંધિત ચાર-ચાર શબ્દો જણાવો.**

| | | | | |
|---|---|---|---|---|
| ઉદા. વૃક્ષ | 1. પર્ણ | 2. ડાળી | 3. મૂળ | 4. થડ |
| ભૂમિ | 1. ____ | 2. ____ | 3. ____ | 4. ____ |
| વંદન | 1. ____ | 2. ____ | 3. ____ | 4. ____ |
| સંતાન | 1. ____ | 2. ____ | 3. ____ | 4. ____ |
| ખોરાક | 1. ____ | 2. ____ | 3. ____ | 4. ____ |
| બાગ | 1. ____ | 2. ____ | 3. ____ | 4. ____ |

**પ્રશ્ન 5. નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય અક્ષરો મૂકીને અર્થપૂર્ણ શબ્દ બનાવો.**

| | | |
|---|---|---|
| દે .... ભૂ .... | ખા .... પા .... | નિ .... ક્ષ .... |
| પ .... સ્પ .... | કા .... સં .... હ | સં .... ધ .... |

## પ્રશ્ન 6. આપેલી જાહેરાત વાંચીને ઉત્તર આપો.

વર્ષ : 2020-21 સંયુક્ત અંક : 4-5 એપ્રિલ-મે, 2020 કિંમત ₹ 8

### બાલસૃષ્ટિ

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત થતું માસિક બાળસામયિક

**પત્રવ્યવહારનું સરનામું**

**સંપાદકશ્રી,**

**બાલસૃષ્ટિ,**

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ,
'વિદ્યાયન' સેક્ટર-10 એ,
ગાંધીનગર - 382 010.

**પ્રકાશક**

**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ,**

ગાંધીનગર-382 010

- બાલસૃષ્ટિનું વાર્ષિક લવાજમ ₹ 80 છે.
- શિક્ષકો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ માટે વાર્ષિક લવાજમ ₹ 40 છે.
- છૂટક નકલની કિંમત ₹ 8 છે.
- લવાજમનાં નાણાં ફક્ત ડ્રાફ્ટ, મનીઓર્ડર, ઇ-મનીઓર્ડર કે રૂબરૂમાં રોકડેથી સ્વીકારવામાં આવે છે.

1. કરશનકાકાએ 'બાલસૃષ્ટિ' મંગાવવું હોય તો કેટલા રૂપિયા વાર્ષિક લવાજમ ભરવું પડે?

___

2. 'બાલસૃષ્ટિ' સામાયિક કઈ સંસ્થા દ્વારા પ્રકાશિત થાય છે?

___

3. વિદ્યાર્થીએ 'બાલસૃષ્ટિ' મંગાવવું હોય તો વાર્ષિક લવાજમ કેટલા રૂપિયા ભરવું પડે?

___

4. 'બાલસૃષ્ટિ' મહિનામાં તમને કેટલી વખત મળશે?

___

5. 'લવાજમ' એટલે શું?

___

6. તમને 'બાલસૃષ્ટિ' નિયમિત મળતું નથી. આ માટેની જાણ તમે ક્યાં કરશો?

___

7. સંયુક્ત અંક એટલે શું?

8. 'બાલસૃષ્ટિ' શબ્દનો અર્થ શો થાય છે?

**રચનાત્મક મૂલ્યાંકન :**

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | ✗ | ? | ✓ |
| G 601 | વાર્તા, કાવ્યો, ચિત્રવર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે. | | | |
| G 609 | શિક્ષકની મદદથી શબ્દકોશ, બાળકોશ અને બાળવિશ્વકોશનો ઉપયોગ કરી આશરે 3000 જેટલા શબ્દો સમજી અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરે છે. | | | |
| G 611 | પાઠ્યપુસ્તક અને વાંચેલી, સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા 'શા માટે?', 'કેવી રીતે?' જેવા પ્રશ્નો પૂછી, કાર્યકારણ સંબંધો તારવી જવાબ આપે છે, ઉકેલ મેળવે છે. | | | |
| G 615 | કાવ્ય પંક્તિઓનું પદ્યમાંથી ગદ્યમાં તેમજ ગદ્યમાંથી પદ્યમાં લેખન કરે છે. કાવ્યપૂર્તિ કરે છે અને ગદ્ય-પદ્ય સૂક્તિનો વિચારવિસ્તાર કરે છે. | | | |
| G 619 | ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, જોડણી, રૂઢિપ્રયોગ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી વગેરે સારાંશલેખન જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે. | | | |

તારીખ : ____________ શિક્ષકની સહી ____________

# 3. દ્વિદલ

## અધ્યયન નિષ્પત્તિ

G 601 વાર્તા, કાવ્યો, ચિત્રવર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે.

G 608 વિવિધ સામાજિક પરિસ્થિતિ સંદર્ભે ભાષામાં થતી રજૂઆત સાંભળે અને સમજે છે.

G 613 ટુચકાઓ, વાર્તાઓ, જીવનપ્રસંગો, પોતાના અનુભવોની રજૂઆત કરે છે.

G 616 સ્વતંત્ર લેખન કરે છે. (કાવ્ય, ઉખાણાં, મુદ્દા પરથી વાર્તા, પત્રલેખન, નિબંધલેખન, સારાંશલેખન, ઘટના કે પ્રસંગ અહેવાલ) વગેરે.

G 619 ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, જોડણી, રૂઢિપ્રયોગ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી વગેરે સારાંશલેખન જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.

**પ્રશ્ન 1. નીચેનાં વાક્યોને પાઠના આધારે યોગ્ય ક્રમમાં ગોઠવો.**

1. દુકાનદારને અત્યંત નવાઈ લાગી.
2. યુવકે કહ્યું, ‘‘મેડમ, તમે મને તમારે ત્યાં લૉન કાપવાનું કામ આપી શકો ખરાં !’’
3. પેલા યુવકે હસતાં હસતાં ના પાડી.
4. આટલી વાતચીત પૂરી કરીને ખુશખુશાલ ચહેરે એ યુવકે ફોનનું સ્પીકર બંધ કર્યું.
5. સ્ત્રીએ કહ્યું, ‘‘ના ભાઈ, હાલ લૉન કાપવાનું કામ જે માણસ કરે છે તેનાથી મને કોઈ જ ફરિયાદ નથી.’’

ઉત્તર

1. ______
2. ______
3. ______
4. ______
5. ______

**પ્રશ્ન 2.** **નીચે આપેલા કોઠામાંના દરેક ખાનામાંથી યોગ્ય બંધબેસતું શબ્દજૂથ લઈ એકમ આધારિત વાક્યો બનાવો અને લખો.**

| | | |
|---|---|---|
| દુકાનદારને | કોઈ સ્ત્રી | રસ પડી ગયો. |
| પેલા માણસે ઊભા થઈને | એના કામમાં | એણે વિદાય લીધી. |
| એના નાક પાસે | પડતી મુકાયેલી મૂર્તિને | વાત કરી રહી હતી. |
| સામે છેડે | એક નિર્દોષ સ્મિત આપીને | ઘસરકો થઈ ગયો. |
| પેલા માણસને | એક નાનો | ચારે તરફથી તપાસી જોઈ. |

1. ____________________
2. ____________________
3. ____________________
4. ____________________
5. ____________________

**પ્રશ્ન 3.** **નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

1. તમે જોયેલ એક શિલ્પ વિશે લખો.

____________________

____________________

____________________

____________________

2. દુકાનેથી વસ્તુ ખરીદ્યા પછી દુકાનદારે તમને ભૂલથી વધારે પૈસા પાછા આપી દીધા તો તમે શું કરશો?

____________________

____________________

____________________

____________________

3. તમને તમારા ઘરનાં કયાં કયાં કામોમાં મદદરૂપ થવું ગમે?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન 4. નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થ આપેલા છે. તેમને યોગ્ય રીતે ગોઠવી વાક્યપ્રયોગ કરો.**

(વિનંતી કરવી, પડતું મૂકવું, આજીજી કરવી, નવાઈ લાગવી, નિઃશબ્દ બની જવું, જવા માટે છૂટા પડવું, આશ્ચર્યનો પાર ન રહેવો, છોડી દેવું, વિદાય લેવી, શાંત થઈ જવું)

**ઉદાહરણ :** આજીજી કરવી.
અર્થ - વિનંતી કરવી
વાક્ય - યુવકે કામ માટે પેલી સ્ત્રીને આજીજી કરી.

1. રૂઢિપ્રયોગ ______________
   અર્થ ______________
   વાક્ય ______________________________

2. રૂઢિપ્રયોગ ______________
   અર્થ ______________
   વાક્ય ______________________________

3. રૂઢિપ્રયોગ ______________
   અર્થ ______________
   વાક્ય ______________________________

4. રૂઢિપ્રયોગ ______________
   અર્થ ______________
   વાક્ય ______________________________

**પ્રશ્ન 5.** **નીચેના વાક્યોમાં વ્યવસાયકારોનાં કામ ઊલટસૂલટ થઈ ગયાં છે. જરૂરી ફેરફાર કરી વાક્યો ફરીથી લખો.**

1. હું શિલ્પકાર છું અને ગુનેગારને પકડું છું.
2. હું રસોઈયો છું અને વકીલાત કરું છું.
3. હું ખેડૂત છું અને મૂર્તિ બનાવું છું.
4. હું વકીલ છું અને ખેતી કરું છું.
5. હું પોલીસ છું અને રસોઈ બનાવું છું.

1. ______________________________
2. ______________________________
3. ______________________________
4. ______________________________
5. ______________________________

**પ્રશ્ન 6.** **ખાલી જગ્યા પૂરો.**

1. પથ્થરમાંથી મૂર્તિ બનાવવાની કલા : ______________
2. ______________ : કાષ્ઠકલા
3. ચિત્ર દોરવાની કલા : ______________
4. ______________ : હસ્તકલા
5. માટીમાંથી વસ્તુ/નમૂના બનાવવાની કલા : ______________
6. ______________ : નૃત્યકલા

**પ્રશ્ન 7.** **નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાર્તા બનાવો અને લખો.**

(આકાશ, સવારી, યાન, મિત્રો, રોમાંચ, અનુભવ, વાદળાં, પરગ્રહ, ઉતરાણ, વાતાવરણ, જિજ્ઞાસા, ફોટા અને વીડિયોઝ, પૃથ્વી, પરત, સ્વપ્ન)

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

**પ્રશ્ન 8. નીચેની વાનગી બનાવવાની પ્રક્રિયા ટૂંકમાં લખો.**

1. રોટલી

2. ખીચડી

## રચનાત્મક મૂલ્યાંકન :

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | ✗ | ? | ✓ |
| G 601 | વાર્તા, કાવ્યો, ચિત્રવર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે. | | | |
| G 608 | વિવિધ સામાજિક પરિસ્થિતિ સંદર્ભે ભાષામાં થતી રજૂઆત સાંભળે અને સમજે છે. | | | |
| G 613 | ટુચકાઓ, વાર્તાઓ, જીવનપ્રસંગો, પોતાના અનુભવોની રજૂઆત કરે છે. | | | |
| G 616 | સ્વતંત્ર લેખન કરે છે. (કાવ્ય, ઉખાણાં, મુદ્દા પરથી વાર્તા, પત્રલેખન, નિબંધલેખન, સારાંશલેખન, ઘટના કે પ્રસંગ અહેવાલ) વગેરે. | | | |
| G 619 | ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, જોડણી, રૂઢિપ્રયોગ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી વગેરે સારાંશલેખન જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે. | | | |

તારીખ : ____________  શિક્ષકની સહી ____________

# 4. રવિશંકર મહારાજ

## અધ્યયન નિષ્પત્તિ

G 607 સાંકેતિક બૉર્ડ, સમય પત્રક, ટ્રાફિક સિગ્નલ, નકશા, પ્રતીકો, ચિત્રો, સમાચારપત્રો, સામયિકો અને સંદર્ભ સાહિત્ય વગેરે વાંચી સમજી શકે છે તથા વિગતો તારવી શકે છે.

G 609 શિક્ષકની મદદથી શબ્દકોશ, બાળકોશ અને બાળવિશ્વકોશનો ઉપયોગ કરી આશરે 3000 જેટલા શબ્દો સમજી અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરે છે.

G 610 પ્રત્યક્ષ મુલાકાત વખતે આત્મવિશ્વાસપૂર્વક પોતાની વાત રજૂ કરી પ્રશ્નોત્તરી કરી શકે છે.

G 611 પાઠ્યપુસ્તક અને વાંચેલી, સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા 'શા માટે?', 'કેવી રીતે?' જેવા પ્રશ્નો પૂછી, કાર્યકારણ સંબંધો તારવી જવાબ આપે છે, ઉકેલ મેળવે છે.

**પ્રશ્ન 1.(અ) નીચેના કોષ્ટકમાંથી અર્થપૂર્ણ શબ્દો શોધો અને લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| મૂ | ધ | ર | જી | ન | ર્મ |
| ક | ક | બિ | વ | ધ | હે |
| રુ | હે | સે | ન | બિ | વા |
| બિ | ધ | વ | વ | ળ | ન |
| રુ | જી | હે | ધ | ક | હે |
| દ | ફ | ર્મ | રો | ર્મ | મૂ |

**પ્રશ્ન 1. (બ) નીચે આપેલ શબ્દસમૂહ માટે કોષ્ટકના આધારે બનાવેલ શબ્દોમાંથી યોગ્ય શબ્દ લખો.**

1. પ્રશંસાની ઈચ્છા વગર ચૂપચાપ કામ કરનાર : ____________
2. કદરરૂપે લોકોએ આપેલું નામ કે ઉપનામ : ____________
3. ઘરની બાજુની દીવાલ કે ભીંત : ____________
4. દુર્ગુણવાળો માણસ : ____________
5. જીવનનું મુખ્ય કર્તવ્ય : ____________

**પ્રશ્ન 2. નીચે આપેલાં વાક્યોમાં શબ્દો આડાઅવળા થઈ ગયા છે. આ શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી વાક્ય બનાવો.**

1. પ્રવૃત્તિઓથી છે આપ્યું જ નિઃસ્વાર્થ 'મહારાજ'નું એમની લોકોએ બિરુદ એમને આપ્યું.

_______________

2. છોડી કામ પ્રવૃત્તિ થયા મોટા નહીં પણ કરવાની પછી એમણે વૃત્તિ

_______________

3. ઠીક-ઠીક ફરીને આશ્રમ કરી એકઠી ઘરે ઘરે એમણે રકમ એ માટે

_______________

4. યાત્રામાં વખત ગઈ આ બે-ત્રણ ખોવાઈ દોરી

_______________

5. માટે આ લોકો હતા વલખાં પ્રદેશમાં પાણી મારતા

_______________

**પ્રશ્ન 3. અહીં આપેલી જાહેરાત વાંચી તેના આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

**વકતૃત્વ સ્પર્ધા**

નીચે આપેલા ત્રણ વિષયો પૈકી એક વિષય પર પાંચ મિનિટ બોલવાનું રહેશે.

ધોરણ 6 થી 8માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

**સ્પર્ધાની તારીખ : 05/09/2020**

વિષય

| | | |
|---|---|---|
| 1. | મારા પ્રિય શિક્ષક | પ્રથમ ઈનામ : 1000 રૂપિયા |
| 2. | જો હું શિક્ષક હોઉં તો... | દ્વિતીય ઈનામ : 500 રૂપિયા |
| 3. | મારી શાળા | તૃતીય ઈનામ : 200 રૂપિયા |

**નોંધ :** નામ નોંધાવવાની અંતિમ તારીખ 20 ઑગસ્ટ છે.

1. આ કઈ સ્પર્ધાની જાહેરાત છે?

_______________

2. 'વકતૃત્વ' એટલે શું?

_______________

3. આ સ્પર્ધા કયા માસમાં યોજાશે?

4. દીપક આપેલા વિષય પર ગાઈને રજૂઆત કરે છે. તો શું એ માન્ય ગણાશે?

5. તમે કઈ તારીખ પહેલાં તમારું નામ નોંધાવશો?

6. દિયા ધોરણ-5માં અભ્યાસ કરે છે. શું તે આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે?

**પ્રશ્ન 4. રેખાંકિત શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

મોટા થયા પછી પણ એમણે કામ કરવાની વૃત્તિ છોડી નહિ. કે એમના કામની દિશા બદલાઈ. મહાત્મા ગાંધીના પરિચયમાં આવ્યા પછી એમણે અનેક કામો ઉપાડી લીધાં. એ જે કામ ઉપાડે તેમાં દિલ દઈને જોડાઈ જાય. મહાત્મા ગાંધીએ તો કહ્યું પણ ખરું : ''બસ, મહારાજની આ જ ખૂબી છે, તેમને જે કામ સોંપો, તેમાં એ પોતાનો આત્મા રેડી દે છે અને તેથી જ એમનું કામ ઝળકે છે અને વધુ સારી અસર પડે છે.'' ગાંધીજી સાથેના પરિચય પછી એમણે ભારતની આઝાદીની લડતમાં ઝંપલાવ્યું. યજમાનવૃત્તિનો ધંધો છોડ્યો. વિલાયતી કપડાં છોડ્યાં, ગામ, ઘર બધું છોડી એ રાષ્ટ્રના કામમાં લાગી ગયા. ચરખો ચલાવી ખાદીનાં વસ્ત્રો પહેરવાં, સાદું ખાવુંપીવું અને સાદાઈથી રહેવું એ હવે એનો જીવનમંત્ર બની ગયો.

1. ______ 2. ______ 3. ______

4. ______ 5. ______ 6. ______

7. ______ 8. ______ 9. ______

10. ______

**પ્રશ્ન 5. કૌંસમાં આપેલાં વિધાનોને ખાલી જગ્યામાં મૂકી સંવાદ પૂર્ણ કરો.**

(ઇન્ટર્નશીપ એટલે શું?, મેં એમ.બી.બી.એસ.નો કોર્સ કરેલ છે. તમોએ કેટલાં વર્ષ અભ્યાસ કર્યો છે?, નમસ્કાર! ડૉક્ટરસાહેબ, સિનિયર ડૉક્ટર સાથે કામ કરવાની મજા આવતી હશે કેમ?, આભાર ડૉક્ટરસાહેબ)

વિદ્યાર્થી : ______________________.

ડૉક્ટર : નમસ્કાર!

વિદ્યાર્થી : આપે ડૉક્ટર બનવા માટે કયો કોર્સ કર્યો હતો?

ડૉક્ટર : ______________________.

વિદ્યાર્થી : ______________________?

ડૉક્ટર : એમ.બી.બી.એસ.નો કોર્સ સાડા ચાર વર્ષનો હોય અને એક વર્ષની ઇન્ટર્નશિપ હોય છે.

વિદ્યાર્થી : ______________________?

ડૉક્ટર : ઈન્ટર્નશિપ એટલે ફરજિયાત નિવાસી સેવા. અર્થાત્ સરકારી દવાખાનામાં સિનિયર ડૉક્ટરની દેખરેખમાં સેવા આપવી.

વિદ્યાર્થી : ______________________?

ડૉક્ટર : હા, અને તારા જેવાં બાળકો સાથે પણ.

વિદ્યાર્થી : ______________________.

**પ્રશ્ન 6. નીચે આપેલાં વિધાનોને પાઠના ક્રમમાં ગોઠવો અને લખો.**

1. બાળપણથી જ એમનો સ્વભાવ સાહસિક અને નીડર હતો.
2. મૂંગામૂંગા સેવા કરવી એ જ એમનો જીવનધર્મ હતો.
3. મહારાજના ઉપવાસ છૂટ્યા.
4. લોકસેવાના ક્ષેત્રે એમને પ્રથમ પગરણ માંડેલાં.
5. હા, આ નવાઈ પમાડે તેવી, પણ ખરી વાત છે.

1. ______________________
2. ______________________
3. ______________________
4. ______________________
5. ______________________

**પ્રશ્ન 7. નીચે આપેલી પ્રવૃત્તિઓમાંથી સારી પ્રવૃત્તિની સામે 'સારી' અને ખરાબની સામે 'ખરાબ' લખો.**

1. ચાવી ચાવીને જમવું. ☐
2. અન્યની મદદ કરવી. ☐
3. ઘરકામમાં મદદ ન કરવી. ☐
4. ન્યાય માટે કાયદાકીય લડાઈ લડવી. ☐
5. રોગીઓની સેવા કરવી. ☐
6. વડીલોની વાત ન માનવી. ☐

**રચનાત્મક મૂલ્યાંકન :**

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | ✗ | ? | ✓ |
| G 607 | સાંકેતિક બૉર્ડ, સમય પત્રક, ટ્રાફિક સિગ્નલ, નકશા, પ્રતીકો, ચિત્રો, સમાચારપત્રો, સામયિકો અને સંદર્ભ સાહિત્ય વગેરે વાંચી સમજી શકે છે તથા વિગતો તારવી શકે છે. | | | |
| G 609 | શિક્ષકની મદદથી શબ્દકોશ, બાળકોશ અને બાળવિશ્વકોશનો ઉપયોગ કરી આશરે 3000 જેટલા શબ્દો સમજી અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરે છે. | | | |
| G 610 | પ્રત્યક્ષ મુલાકાત વખતે આત્મવિશ્વાસપૂર્વક પોતાની વાત રજૂ કરી પ્રશ્નોત્તરી કરી શકે છે. | | | |
| G 611 | પાઠ્યપુસ્તક અને વાંચેલી, સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા 'શા માટે?', 'કેવી રીતે?' જેવા પ્રશ્નો પૂછી, કાર્યકારણ સંબંધો તારવી જવાબ આપે છે, ઉકેલ મેળવે છે. | | | |

તારીખ : ____________ શિક્ષકની સહી ____________

# 5. મહેનતની મોસમ

## અધ્યયન નિષ્પત્તિ

**G 601** વાર્તા, કાવ્યો, ચિત્રવર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે.

**G 602** પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં પ્રસંગો તથા સ્થળો વિશે વાતચીત અને સંવાદો સમજે છે તથા રજૂઆત કરે છે.

**G 604** પ્રાદેશિક ગીતો અને કથાઓ સમજે તેમજ જાણે છે.

**G 609** શિક્ષકની મદદથી શબ્દકોશ, બાળકોશ અને બાળવિશ્વકોશનો ઉપયોગ કરી આશરે 3000 જેટલા શબ્દો સમજી અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરે છે.

**G 610** પ્રત્યક્ષ મુલાકાત વખતે આત્મવિશ્વાસપૂર્વક પોતાની વાત રજૂ કરી પ્રશ્નોત્તરી કરી શકે છે.

**G 611** પાઠ્યપુસ્તક અને વાંચેલી, સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા 'શા માટે?', 'કેવી રીતે?' જેવા પ્રશ્નો પૂછી, કાર્યકારણ સંબંધો તારવી જવાબ આપે છે, ઉકેલ મેળવે છે.

**G 619** ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, જોડણી, રૂઢિપ્રયોગ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી વગેરે સારાંશલેખન જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.

**પ્રશ્ન 1. નીચેની કાવ્યપંક્તિઓમાં શબ્દો આડાઅવળા થઈ ગયા છે. આ શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવો.**

**ઉદાહરણ :** મેહુલિયે સોનાવરણી મ્હેર રે બની કીધી સીમ

સોનાવરણી સીમ બની મેહુલિયે કીધી મ્હેર રે

1. બાજરો ઊજળો ને કંચન કપાસ રે લીલો દૂધ

______________________________

2. આભમાં કિલ્લોલ રે ઉપર કુંજડિયુંના ઊજળા

______________________________

3. સીમ પછેડી સાદ રે આજ લિયો કરે છે દાતરડાં

______________________________

4. મલક કામ આબાદ રંગેસંગે થાય કરીએ

______________________________

5. માનવી ભગવાન રે તે દેનારો રળનારો ને

______________________________

**પ્રશ્ન 2.** **તમે તમારા મિત્ર સાથે ખેતરની મુલાકાતે ગયા ત્યાં તમારા બંને વચ્ચે થયેલી વાતચીત ટૂંકમાં અહીં લખો.**

**પ્રશ્ન 3.** **અર્થપૂર્ણ શબ્દ મૂકી વાક્ય બનાવો.**

**ઉદાહરણ :** મીઠું મધ : ખીરનો સ્વાદ તો મીઠો મધ જેવો હતો.

1. સફેદ :
2. કાળું :
3. રાતું :
4. કડવું :
5. કૂણું :
6. લાલ :
7. ઊજળું :

**પ્રશ્ન 4.** **વિચારો અને પાંચ-છ લીટી લખો.**

1. તમારી થાળીમાં રોટલી છે એ રોટલી, તમારી થાળી સુધી કેવી રીતે પહોંચી હશે?

2. જો તમને ખેતરમાં જવા મળે તો...

3. તમે ખેતરમાં હો ને વરસાદ પડે તો...

**પ્રશ્ન 5. તમને ખેડૂત થવું ગમે? શા માટે?**

**પ્રશ્ન 6. કાવ્યના આધારે પ્રશ્નોના જવાબ આપો.**

એવા ઓવે છે ધરતીના સાદ રે... હાલો ભેરુ! ગામડે
ભીની માટીની ગંધ આવે યાદ રે... હાલો ભેરુ! ગામડે

બોલાવે આજ એનાં ખુલ્લાં આકાશ
મીઠા પરોઢના અલબેલા ઉજાસ,
ઘેરા ઘમ્મર વલોણાના નાદ રે... હાલો ભેરુ!

ચારીશું ગાવલડી ડુંગરાના ઢાળે,
બાંધીશું હીંચકો વડલાની ડાળે,
મોર ગહેકે જ્યાં સરવરની પાળ રે... હાલો ભેરુ!

ગાઓ રે બંધવા! ગામડાંનાં ગીત,
યાદ કરો ભોળુડાં માનવીની પ્રીત,
જાણે જિંદગીનાં મીઠાં નવનીત રે... હાલો ભેરુ!

ખૂંદવાને સીમ ભાઈ! ખેડવાને ખેતરો,
ભારતના ભાવિનાં કરવા વાવેતરો,
હે જી કરવા માભોમને આબાદ રે... હાલો ભેરુ!

- નાથાલાલ દવે

1. કવિ ગામડે જવાનું શા માટે કહેતા હશે?

2. ‘સીમ ખૂંદવી’ એટલે શું?

3. ‘માભોમને આબાદ કરવી’ એટલે શું?

4. 'ભારતના ભાવિનું વાવેતર કરવું' એટલે શું?

5. ભારતના ભાવિનું વાવેતર કેવી રીતે થઈ શકે?

6. તમે કઈ કઈ વસ્તુઓમાંથી હીંચકો બનાવો છો?

**પ્રશ્ન 7. રેખાંકિત શબ્દની જગ્યાએ વિરુદ્ધાર્થી શબ્દ મૂકી વાક્ય ફરીથી લખો.**

**ઉદા.** <u>અજવાળું</u> થયું ન થયું ત્યાં જ લોકો જાગી ગયા.
અંધારું હતું ને લોકો જાગી ગયા.

1. રસ્તો ઓળંગતાં <u>સાવધ</u> રહેવું જોઈએ.

2. તેણે <u>પ્રેમથી</u> પુસ્તક માંગ્યું.

3. જંગલનો રસ્તો <u>દુર્ગમ</u> હતો.

4. તેની મદદ પાછળ નક્કી કોઈ <u>સ્વાર્થ</u> હતો.

**પ્રશ્ન 8. જાતિવાચક સંજ્ઞા ફરતે □ અને વ્યક્તિવાચક સંજ્ઞા ફરતે ○ કરો.**

નર્મદા પર્વત પશુ

હિમાલય ઝાડ શહેર વડ

પંખી કાબર વડોદરા બકરી નદી

**પ્રશ્ન 9. તમારા પરિવારના પાંચ સભ્યોનાં નામ લખો. આ નામને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

નામ ________ ________ ________ ________ ________

શબ્દકોશનો ક્રમ ________ ________ ________ ________ ________

**પ્રશ્ન 10. ઉદાહરણ મુજબ શબ્દો અને તેના અર્થ લખો.**

ઉદાહરણ : સોનાવરણી - સોના જેવા રંગવાળી

1. કંકુવરણી - ____________________
2. ________ - ____________________
3. ________ - ____________________

**રચનાત્મક મૂલ્યાંકન :**

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | ✗ | ? | ✓ |
| G 601 | વાર્તા, કાવ્યો, ચિત્રવર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે. | | | |
| G 602 | પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં પ્રસંગો તથા સ્થળો વિશે વાતચીત અને સંવાદો સમજે છે તથા રજૂઆત કરે છે. | | | |
| G 604 | પ્રાદેશિક ગીતો અને કથાઓ સમજે તેમજ જાણે છે. | | | |
| G 609 | શિક્ષકની મદદથી શબ્દકોશ, બાળકોશ અને બાળવિશ્વકોશનો ઉપયોગ કરી આશરે 3000 જેટલા શબ્દો સમજી અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરે છે. | | | |
| G 610 | પ્રત્યક્ષ મુલાકાત વખતે આત્મવિશ્વાસપૂર્વક પોતાની વાત રજૂ કરી પ્રશ્નોત્તરી કરી શકે છે. | | | |
| G 611 | પાઠ્યપુસ્તક અને વાંચેલી, સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા 'શા માટે?', 'કેવી રીતે?' જેવા પ્રશ્નો પૂછી, કાર્યકારણ સંબંધો તારવી જવાબ આપે છે, ઉકેલ મેળવે છે. | | | |
| G 619 | ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, જોડણી, રૂઢિપ્રયોગ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી વગેરે સારાંશલેખન જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે. | | | |

તારીખ : ________________ શિક્ષકની સહી ________________

# 6. લેખણ ઝાલી નો રહી

## અધ્યયન નિષ્પત્તિ

G 601 વાર્તા, કાવ્યો, ચિત્રવર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે.

G 602 પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં પ્રસંગો તથા સ્થળો વિશે વાતચીત અને સંવાદો સમજે છે તથા રજૂઆત કરે છે.

G 604 પ્રાદેશિક ગીતો અને કથાઓ સમજે તેમજ જાણે છે.

G 606 મોબાઈલ દ્વારા એસ.એમ.એસ., વીડિયો, ન્યૂઝ રિપોર્ટનું નિર્માણ કરી તેનું આદાન-પ્રદાન કરે છે.

G 608 વિવિધ સામાજિક પરિસ્થિતિ સંદર્ભે ભાષામાં થતી રજૂઆત સાંભળે અને સમજે છે.

G 619 ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, જોડણી, રૂઢિપ્રયોગ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી વગેરે સારાંશલેખન જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.

**પ્રશ્ન 1. ફકરાના આધારે માગ્યા મુજબ ઉત્તર લખો.**

ઉનાળો ધરતી પરથી ઉચાળા ભરવા માંડે, ચોમાસાનાં પગરણ અને ભારે વરસાદ તથા વાઝડીથી ગાડામારગ બંધ થઈ જાય છે. મોર્ય ગામના ખેડૂતો તાલુકા મથકે હટાણું કરવા જતા અને ત્રણ-ચાર મહિના ચાલે એટલી જીવન જરૂરિયાતની, ખેતીની અને ઘરવપરાશની સટર પટર ચીજ જણસોની ખરીદી ઘરમાં સંઘરી રાખતા એ સમયની વાત છે. મહેનત મજૂરી કરી બે પાંદડે થયેલા કહળસંગ ગાડું જોડીને ધંધૂકે હટાણું કરવા ગયા છે. સુલેમાન ઘાંચીની ઘાણીએથી બે ત્રણ ડબા તલના તેલના, મોદીની દુકાનેથી દેશી ગોળની ભેલિયું, દાળ, ચોખા, મીઠું, મરચાં, લસણ, ડુંગળી અને બટેટાના કોથળા ને બીજું આઘુંપાછું ખરીદ કરી ગાડામાં મૂક્યું. રાંઢવાનો ભરડો દઈને ગાડું ગામના મારગે વહેતું કર્યું. ત્યાં બે જણ કપાસિયાનો કોથળો માથે મૂકીને પવનના વંટોળિયાની જેમ વહ્યા આવતા હરખચંદ શેઠે સાદ દીધો.

1. ફકરામાં વપરાયેલા તળપદા શબ્દો શોધીને તેના માન્ય ભાષાના શબ્દો લખો.

| | |
|---|---|
| ______________ | ______________ |
| ______________ | ______________ |
| ______________ | ______________ |
| ______________ | ______________ |
| ______________ | ______________ |

2. તમારા વિસ્તારમાં બોલાતા તળપદા શબ્દો લખો.

| | |
|---|---|
| ______________ | ______________ |
| ______________ | ______________ |

______ ______

______ ______

______ ______

3. ઉપર તમે લખેળાં શબ્દો પૈકી બે-બે શબ્દોનો ઉપયોગ કરી એક વાક્ય બનાવો.

1. ______

2. ______

3. ______

4. ______

**પ્રશ્ન 2. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો. ફકરાના આધારે બે પ્રશ્નો બનાવો.**

[પછી, જેવાં જતા, સૌને, કોઈ, જતાં, જેમ, તેનું, જેવું, તેની]

કૂતરીનાં ગલૂડિયાં રમાડવાનું તો ______ ગમે, પણ જો ______ બકરીનું ગદીડું, થોડું તોફાની, જડી જાય તો ______ માથું ખંજવાળીને 'ઢીંક...ઢીંક...ઢીંક...' કરીને સામું ઊછાળીને ______ જોડે ધિંગામસ્તીયે જરૂર કરતાં હશો. પૂંછડાં ઊંચાં લઈને હરણ ______ ______ દોડતાં વાછડાં, ધોળા દૂધ ______ ખોલકાં કે ______ પાણીનાં મોજાં ______ ઊછળતાં ______ વછેરાં જોઈને રાજી રાજી થઈ ______ હશો.

**પ્રશ્નો :**

1. ______

2. ______

**પ્રશ્ન 3. કૌંસમાંથી યોગ્ય રૂઢિપ્રયોગ મૂકી ખાલી જગ્યા પૂરો.**

[બે પાંદડે થયેલા, વહાણાં વાઈ ગયાં, મનમાં ગાંઠ વાળેલી, પગરણ માંડેલાં, ઉચાળા ભરી]

ધંધા રોજગાર ક્ષેત્રે હજુ તેમણે ______. થોડા મહિનાઓ પહેલાં તેઓ ગામડેથી ______ શહેરમાં આવેલા. મહેનત મજૂરી કરી તેઓ ______. ધંધામાં સફળ થવા તેમણે ______. આ વાતને ઘણાં ______. આજે તેઓ ધંધામાં ધારી સફળતા મેળવી શક્યા છે.

**પ્રશ્ન 4. લીટી દોરેલા શબ્દસમૂહની જગ્યાએ એક શબ્દ મૂકી વાક્ય ફરીથી લખો.**

1. ભારે વરસાદ તથા <u>પવનના વાવાઝોડાથી</u> ગાડામારગ બંધ થઈ જાય છે.

______________________________

2. આ કપાસિયાની <u>નાની ગાંસડી</u> ઘર લગી લેતા જાવ ને.

______________________________

3. કહળસંગે હરખચંદ શેઠને બે હાથ જોડીને <u>મૃત્યુ સમયે લખાતો કાગળ</u> લખવા બોલાવ્યા.

______________________________

4. કહળસંગે એમના બાપુના <u>મરણ પછી બારમા દિવસે થતો વિધિ</u> પાંચમના રાખેલું.

______________________________

**પ્રશ્ન 5. નીચેનાં માટે બંધબેસતી કહેવત લખો.**

1. ભાલ પ્રદેશ સાવ ઉજ્જડ, જ્યાં ઝાડ-પાન જોવા ન મળે.

______________________________

2. આપણે જો થોડુંય માન આપીએ તો સામેથી વધુ માન મળે.

______________________________

3. જ્યારે બહુ સારી જોઈતી વસ્તુ ન મળે ત્યારે ઓછી ખરાબ વસ્તુ પણ સારી ગણાય.

______________________________

4. જીવનમાં અનુભવે બધું સમજાઈ જતું હોય છે.

______________________________

**પ્રશ્ન 6. નીચેનો સંવાદ કોણ બોલી શકે? પાઠના આધારે વિચારો અને લખો.**

1. મારે તમારા ગાડામાં આ પોટલું મૂકવું છે. : ______________
2. તમે સમયસર ઉધારીનાં નાણાં ચૂકવતા નથી. : ______________
3. એમણે મારું પોટલું ગાડામાં ન જ મૂક્યું! : ______________
4. ચાલો, મારા ઘેર કાળોતરીનો કાગળ લખવા. : ______________
5. કાગળ લખવામાં જરૂર કંઈક ભૂલ થઈ છે. : ______________
6. એકાદ વર્ષ પહેલાંની આ વાત છે. : ______________

**પ્રશ્ન 7. નીચેના ભાવપત્રકને આધારે પ્રશ્નોના જવાબ આપો.**

ભાવપત્રક

**મનપસંદ સ્ટેશનરી સ્ટૉર**

બસસ્ટેશન રોડ, અમદાવાદ

રજિ નંબર : K/35676

તા. 24/07/2020

શ્રી સુરેશભાઈ કુબેરભાઈ પંચાલ

| ક્રમ | વિગત | નંગ | ભાવ |
|---|---|---|---|
| 1. | A/4 કાગળ બંડલ | 1 | 160 |
| 2. | માર્કર પેન | 1 | 20 |
| 3. | સ્ટેપ્લર (નાનું) | 1 | 50 |
| 4. | ફાઇલ | 1 | 30 |
| 5. | કંપાસબૉક્સ | 1 | 35 |
| 6. | નોટબુક | 1 | 25 |

1. આ ભાવપત્રક કયા મહિનામાં લેવાયું છે ?

2. તમારે પંખો ખરીદવો હોય તો આ દુકાનેથી મળશે? શા માટે ?

3. સૌથી સસ્તી વસ્તુ કઈ છે?

4. 'મનપસંદ સ્ટેશનરી સ્ટૉર' માં બિલમાં લખેલ ન હોય તેવી બીજી કઈ કઈ વસ્તુઓ મળતી હશે ?

5. આ દુકાને જવા કયા રસ્તે થઈને જવું પડશે ?

6. 'ભાવપત્રક' એટલે શું ?

7. ઉપરોક્ત ભાવપત્રકમાં કેટલાક અંગ્રેજી શબ્દો છે. શોધીને લખો.

   ઉદાહરણ : સ્ટેશનરી

## પ્રશ્ન 8. ફકરાના આઆધારરછે પ્રશ્નોના ઉત્તર લખો.

અમુની વિદાય હતી. બાની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસતાં હતાં. સગાંવહાલાં રડતી આંખે દિઙમૂઢ બનીને સાક્ષી થઈ રહ્યાં હતાં. ચોઘડિયાં અકારાં લાગતાં હતાં. વાતાવરણમાં સમજાતું હતું માંગલ્ય અને અનુભવાતું હતું કારુણ્ય. હું બાની પાછળ પડેલે ચહેરે ઊભો હતો. મારા અંતરમાં ગજબની ગડમથલ ચાલતી હતી. કશું સમજાતું નહોતું. પણ એકલતાની લાગણી સર્વોપરી હતી. મેં આગ્રહ કરીને બાપુજી પાસે પચ્ચીસ રૂપિયા લીધેલા. એ રૂપિયા મારા લગ્નમાં અમુએ આપેલી એની પાંચીકાવાળી મશરૂની થેલીમાં એ કૂકા સાથે મેં મૂક્યા હતા. અમુ ગાડીમાં બેસવા જાય ત્યાં જ મેં એ થેલી ધીરેથી એના હાથમાં સરકાવી દીધી. એણે મારી સામે જોયું. એ આંખો હું કદી નહિ ભૂલું. એ આંખોમાં વહાલ, વિષાદ અને વ્યથાની આખી વારતા મૂંગીમૂંગી રડતી હતી. અમને રોતા મૂકીને અમુ રડતી રડતી ચાલી ગઈ.

1. બા શાથી રડતાં હતાં?

2. વાતાવરણમાં કારુણ્ય શાથી અનુભવાતું હતું?

3. સગાંવહાલાં શાનાં સાક્ષી બન્યાં?

4. અમુ ક્યાં ચાલી ગઈ હશે?

5. લેખક એકલતાની લાગણી શા માટે અનુભવે છે?

6. 'એ આંખો હું કદી નહિ ભૂલું.' - એમ લેખક શાથી કહે છે?

______________________________

______________________________

**પ્રશ્ન 9. યોગ્ય વિરામચિહ્નો મૂકી ફકરો ફરીથી લખો.**

પાનખરમાં તો ખરેલાં પાંદડાંથી આખું ગોંદરું ભરાઈ જાય એના ઉપર ચાલવાની પણ એક મજા છે ક્યારેક કોઈના ઘરમાંથી સળગતો દેવતા લઈ આવીએ અને આખું ગોંદરું સળગાવીએ કોઈ વૃદ્ધ જોઈ જાય તો ઠપકો આપે અલ્યા હળગાયું ઈમાં તો કીડી-મંકોડાને જીવાત હોય તે બળી જાય તમોને પાપ લાગશે અમોને પાપ ના લાગે એ માટે ફટોફટ આગ ઓલવી નાખતા જીવતા જીવને અમારાથી કેવી રીતે બળાય એવા તો અમે જીવદયાવાળા

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન 10. ઉદાહરણ મુજબ શબ્દો લખો.**

ઉદા. બોલી - લોકબોલી

કથા - ____________ ____________ - ____________

વાર્તા - ____________ ____________ - ____________

______ - ____________ ____________ - ____________

**પ્રશ્ન 11. તમારે કોઈ કહેવતનો અર્થ જાણવો છે. આ માટેનો SMS તમારા શિક્ષકને મોકલવો છે. SMS બનાવો અને લખો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## રચનાત્મક મૂલ્યાંકન :

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | ✗ | ? | ✓ |
| G 601 | વાર્તા, કાવ્યો, ચિત્રવર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે. | | | |
| G 602 | પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં પ્રસંગો તથા સ્થળો વિશે વાતચીત અને સંવાદો સમજે છે તથા રજૂઆત કરે છે. | | | |
| G 604 | પ્રાદેશિક ગીતો અને કથાઓ સમજે તેમજ જાણે છે. | | | |
| G 606 | મોબાઈલ દ્વારા એસ.એમ.એસ., વીડિયો, ન્યૂઝ રિપોર્ટનું નિર્માણ કરી તેનું આદાન-પ્રદાન કરે છે. | | | |
| G 608 | વિવિધ સામાજિક પરિસ્થિતિ સંદર્ભે ભાષામાં થતી રજૂઆત સાંભળે અને સમજે છે. | | | |
| G 619 | ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, જોડણી, રૂઢિપ્રયોગ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી વગેરે સારાંશલેખન જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે. | | | |

તારીખ : ______________ શિક્ષકની સહી ______________

# 7. પગલે પગલે

**અધ્યયન નિષ્પત્તિ**

G 601 વાર્તા, કાવ્યો, ચિત્રવર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે.

G 603 રમતો, પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટકાર્ય દ્વારા સમજ કેળવી, પ્રસંગોચિત ઉપયોગ કરે છે.

G 605 દૃશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા મળતી માહિતી સમજે અને તારણો કાઢે છે.

G 607 સાંકેતિક બૉર્ડ, સમય પત્રક, ટ્રાફિક સિગ્નલ, નકશા, પ્રતીકો, ચિત્રો, સમાચારપત્રો, સામયિકો અને સંદર્ભ સાહિત્ય વગેરે વાંચી સમજી શકે છે તથા વિગતો તારવી શકે છે.

G 610 પ્રત્યક્ષ મુલાકાત વખતે આત્મવિશ્વાસપૂર્વક પોતાની વાત રજૂ કરી પ્રશ્નોત્તરી કરી શકે છે.

G 615 કાવ્ય પંક્તિઓનું પદ્યમાંથી ગદ્યમાં તેમજ ગદ્યમાંથી પદ્યમાં લેખન કરે છે. કાવ્યપૂર્તિ કરે છે અને ગદ્ય-પદ્ય સૂક્તિનો વિચારવિસ્તાર કરે છે.

G 619 ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, જોડણી, રૂઢિપ્રયોગ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી વગેરે સારાંશલેખન જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.

**પ્રશ્ન 1. કાવ્યપંક્તિઓને યોગ્ય ક્રમમાં ગોઠવો.**

1. પંથ તારો કાપ્યે જો.
   પગલે પગલે સાવધ રહીને;
   અંતરને અજવાળી વીરા
   પ્રેમળતા પ્રગટાવ્યે જા.

   ______________________________
   ______________________________
   ______________________________
   ______________________________
   ______________________________

2. શિસ્ત, શાંતિ ને સેવાનો તું,
   સ્વાર્થ સામે જોતો ના;
   પાઠ સૌને આપ્યે જા,
   હિંમત તારી ખોતો ના.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

**પ્રશ્ન 2. કૌંસમાં આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો કોષ્ટકમાંથી શોધો.**

(દુર્ગમ, અજવાળું, નિર્ભય, તડકો, શાંતિ, સ્વાર્થ)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અં | ધા | સુ | નિઃ | ડો | તિ | છાં |
| મ | ધા | રું | ક | સ્વા | ય | શાં |
| સુ | ડો | રું | નિઃ | ડો | ર્થ | ડ |
| મ | ગ | શુ | અ | ડો | પો | ર |
| રું | સ | મ | પો | શાં | ક | પો |
| ડો | ય | ર | નિઃ | પો | તિ | ક |
| છાં | સુ | ધા | ર્થ | ય | ડો | તિ |

દુર્ગમ × ____________ તડકો × ____________

અજવાળું × ____________ શાંતિ × ____________

નિર્ભય × ____________ સ્વાર્થ × ____________

**પ્રશ્ન 3. કૌંસમાં આપેલા શબ્દોમાંથી જાતિવાચક અને વ્યક્તિવાચક શબ્દોનું વર્ગીકરણ કરો.**

(વડ, પર્વત, ગંગા, વૃક્ષ, નદી, પક્ષી, ગાંધીનગર, નગર, મોર, ગિરનાર)

| જાતિવાચક શબ્દ | વ્યક્તિવાચક શબ્દ |
|---|---|
| | |

**પ્રશ્ન 4. એક પગલામાં આપેલા શબ્દનો સમાનાર્થી શબ્દ બીજા પગલામાં આપેલ છે. બંને પગલાં શોધો અને સમાન રંગ પૂરો.**




**પ્રશ્ન 5. અહીં આપેલા ભાવાર્થને સુસંગત પંક્તિ કાવ્યમાંથી શોધો અને લખો.**

1. મુશ્કેલ પરિસ્થિતિમાં પણ હિંમત હારવી નહીં અને માત્ર ને માત્ર પોતાનું જ વિચારવું નહીં.

______________________________

2. જીવનપંથમાં કંટક અને કાંકરારૂપી મુશ્કેલીઓ આવશે અને તડકારૂપી દુઃખ પણ આવશે.

______________________________

3. જીવનમાં દરેક કદમ પર સાવધાની રાખવી અને પરસ્પર સ્નેહ રાખી આગળ વધવું.

______________________________

**પ્રશ્ન 6. (અ)** **કાવ્યમાંથી ધ, સ અને પ થી શરૂ થતા શબ્દો શોધીને લખો.**

| ધ | પ | શ |
| --- | --- | --- |
| ________ | ________ | ________ |
| ________ | ________ | ________ |
| ________ | ________ | ________ |
| ________ | ________ | ________ |
| ________ | ________ | ________ |

**પ્રશ્ન 6. (બ)** **ઉપરના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

**પ્રશ્ન 6. (ક)** **ઉપરના શબ્દોમાંથી બે-બે શબ્દોનો ઉપયોગ કરી વાક્યો બનાવો.**

1. ________________________________________
2. ________________________________________
3. ________________________________________
4. ________________________________________
5. ________________________________________

**પ્રશ્ન 7.** **નીચે આપેલી સેનિટાઈઝરની બોટલના આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.**




1. આપણે સેનિટાઈઝરનો ઉપયોગ શા માટે કરીએ છીએ ?
________________________________________
2. જો તમે સેનિટાઇઝરની ત્રણ બોટલ ખરીદવા ઈચ્છતાં હો તો તમારે કેટલી કિંમત ચૂકવવી પડશે?
________________________________________
3. બોટલ પર લખેલ ‘ml’ શું દર્શાવે છે? જથ્થો કે સંખ્યા?
________________________________________

4. આ સેનિટાઇઝરનું ઉત્પાદન ક્યારે કરવામાં આવ્યું છે ?

______________________________

5. પ્રકૃતિ સેનિટાઇઝર તમામ કીટાણુઓનો નાશ કરે છે, સાચું કે ખોટું ?

______________________________

6. આ સેનિટાઇઝરનું નામ પ્રકૃતિ સેનિટાઇઝર શા માટે રાખ્યું હશે ?

______________________________

7. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો સેનિટાઇઝરની બોટલ પરની માહિતીમાંથી શોધો.

હસ્ત : ____________ નાજુક : ____________

કુદરત : ____________ તંદુરસ્ત : ____________

## પ્રશ્ન 8. વિચારો અને લખો.

1. તમે કઈ કઈ બાબતમાં ધીરજ રાખી શકો છો ? એમાંનો કોઈ એક પ્રસંગ વર્ણવો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

2. તમારા મિત્રએ ચિત્રસ્પર્ધામાં ભાગ લીધો છે. તમે તેને કેવી રીતે મદદરૂપ થશો ?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## રચનાત્મક મૂલ્યાંકન :

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | ✘ | ? | ✓ |
| G 601 | વાર્તા, કાવ્યો, ચિત્રવર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે. | | | |
| G 603 | રમતો, પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટકાર્ય દ્વારા સમજ કેળવી, પ્રસંગોચિત ઉપયોગ કરે છે. | | | |
| G 605 | દૃશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા મળતી માહિતી સમજે અને તારણો કાઢે છે. | | | |
| G 607 | સાંકેતિક બૉર્ડ, સમય પત્રક, ટ્રાફિક સિગ્નલ, નકશા, પ્રતીકો, ચિત્રો, સમાચારપત્રો, સામયિકો અને સંદર્ભ સાહિત્ય વગેરે વાંચી સમજી શકે છે તથા વિગતો તારવી શકે છે. | | | |
| G 610 | પ્રત્યક્ષ મુલાકાત વખતે આત્મવિશ્વાસપૂર્વક પોતાની વાત રજૂ કરી પ્રશ્નોત્તરી કરી શકે છે. | | | |
| G 615 | કાવ્ય પંક્તિઓનું પદ્યમાંથી ગદ્યમાં તેમજ ગદ્યમાંથી પદ્યમાં લેખન કરે છે. કાવ્યપૂર્તિ કરે છે અને ગદ્ય-પદ્ય સૂક્તિનો વિચારવિસ્તાર કરે છે. | | | |
| G 619 | ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, જોડણી, રૂઢિપ્રયોગ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી વગેરે સારાંશલેખન જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે. | | | |

તારીખ ____________ શિક્ષકની સહી ____________

# 8. બિરબલની યુક્તિ

**અધ્યયન નિષ્પત્તિ**

**G 602** પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં પ્રસંગો તથા સ્થળો વિશે વાતચીત અને સંવાદો સમજે છે તથા રજૂઆત કરે છે.

**G 607** સાંકેતિક બૉર્ડ, સમય પત્રક, ટ્રાફિક સિગ્નલ, નકશા, પ્રતીકો, ચિત્રો, સમાચારપત્રો, સામયિકો અને સંદર્ભ સાહિત્ય વગેરે વાંચી સમજી શકે છે તથા વિગતો તારવી શકે છે.

**G 613** ટુચકાઓ, વાર્તાઓ, જીવનપ્રસંગો, પોતાના અનુભવોની રજૂઆત કરે છે.

**G 619** ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, જોડણી, રૂઢિપ્રયોગ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી વગેરે સારાંશલેખન જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.

**પ્રશ્ન 1.** **નીચે આપેલી ઊભી-આડી ચાવીઓને આધારે શબ્દ રમત પૂર્ણ કરો.**




| ઊભી ચાવી | આડી ચાવી |
|---|---|
| 2 દશરથ રાજાના મોટા પુત્ર | 1 હોંશિયારી, ચાલકી |
| 3 સરપાવ | 3 નિષેધ |
| 4 ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચે આવેલો ખૂણો | 4 લાકડી ઉપર ચીંથરાં વીંટાળીને બનાવેલો સળગાવવાનો મોટો કાકડો, મેરાયું |
| 5 હાથ, હસ્ત | 5 સેવા કરનાર, ચાકર |
| 6 માસ્તર, સાહેબ, સર | |

| ઊભી ચાવી | આડી ચાવી |
|---|---|
| 7 કમભાગી, બદનસીબ | 6 સવારનો નાસ્તો |
| 8 હવન | 7 હદ, સરહદ્ |
| 9 આ પાઠમાં આવતા રાજાનું નામ | 9 અભણ, મૂર્ખ |
| 11 શેરડીનો પીવાય | 10 બાદશાહ અકબરના ચતુર વજીર |
| 12 કપાળ, માથું | 13 એક સ્ત્રીનું નામ |

**પ્રશ્ન 2. ફકરો વાંચીને નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

થાળ આવ્યો અને રાજા ઊંચે શ્વાસે જમ્યા, જમતાં જમતાં એ લાલપીળા થઈ ગયા. એના મનમાં પેલો વહેમ રમ્યા કરતો હતો. એમણે હુકમ કર્યો, ''જાઓ, પકડી લાવો પેલા અપશુકનિયાળને, આજ સવારમાં એનું મોઢું જોયું છે ત્યારથી આ કમનસીબી ઊભી થઈ છે. એને કેદમાં પૂરી દો અને સવારે એને ફાંસીએ ચડાવી દેજો.''

1. 'રાજા ઊંચે શ્વાસે જમ્યા' એટલે કેવી રીતે જમ્યા ?

2. 'મનમાં વહેમ રમવો' એટલે શું ?

3. ''જાઓ, પકડી લાવો પેલા અપશુકનિયાળાને...'' - એવો હુકમ કોણ કરે છે ?

4. 'અપશુકનિયાળ' શબ્દનો અર્થ જણાવો.

5. રાજાની કમનસીબી ક્યારથી ઊભી થઈ ?

______

______

6. અહીં કોને કેદમાં પૂરવાની વાત કરી છે?

______

______

______

**પ્રશ્ન 3. નીચે રૂઢિપ્રયોગ અને તેના અર્થ આપેલા છે. તેમને યોગ્ય રીતે ગોઠવી વાક્યપ્રયોગ કરો.**

(ખૂબ ગુસ્સે થવું, બરાડી ઊઠવું, ન ધાર્યું હોય તેવું થવું, લાલપીળા થઈ જવું, કંઈક ગુપ્ત વાત કરવી, નજર કરવી, મોટેથી બૂમ પાડવી, લક્ષ આપવું, કાનમાં કંઈક કહેવું, દહાડો બગાડવો)

1. રૂઢિપ્રયોગ : ______ અર્થ : ______

વાક્ય : ______

2. રૂઢિપ્રયોગ : ______ અર્થ : ______

વાક્ય : ______

3. રૂઢિપ્રયોગ : ______ અર્થ : ______

વાક્ય : ______

4. રૂઢિપ્રયોગ : ______ અર્થ : ______

વાક્ય : ______

5. રૂઢિપ્રયોગ : ______ અર્થ : ______

વાક્ય : ______

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દોની જોડ બનાવી લખો.**

વાળુ | વહેમ | ઓસડ | ઇનામ | સૈન્ય | કરામત | લશ્કર | યુક્તિ | ચતુરાઈ | ચાલાકી | સરપાવ | દવા | સંદેહ | રાત્રિભોજન

ઉદાહરણ  લશ્કર : સૈન્ય

______ : ______  ______ : ______

______ : ______  ______ : ______

______ : ______  ______ : ______

**પ્રશ્ન 5. કૌંસમાં આપેલા શબ્દોમાંથી દ્રવ્યવાચક અને સમૂહવાચક શબ્દોનું વર્ગીકરણ કરો.**

(દૂધ, સભા, સરઘસ, ઘઉં, ઝૂમખું, ઘી, ચોખા, પિત્તળ, સૈન્ય, પેટ્રોલ)

| દ્રવ્યવાચક | સમૂહવાચક |
|---|---|
| | |

**પ્રશ્ન 6. નીચે આપેલા ફકરામાં યોગ્ય વિરામચિહ્નો મૂકી ફરીથી લખો.**

નોકરે કહ્યું આપે કરેલી સજા માટે તો મારે કશું જ કહેવાનું નથી પણ ગઈકાલે સવારે જેમ આપે મારું મોઢું જોયું હતું તે મેં આપનું મોઢું જોયું હતું. તેથી મારે કેદખાને જવાનું થયું અને આજે ફાંસીએ ચડવાનું થયું તો આપ જ ન્યાય કરો કે આપણા બેમાં વધારે અપશુકનિયાળ કોણ અને જો ન્યાયાધીશ મને ફાંસીની સજા કરશે તો આપને એ કઈ સજા કરશે.

**પ્રશ્ન 7.** **તમે અને તમારા મિત્રએ કાગળમાંથી હોડી બનાવી છે. પણ તમારી હોડી પાણીમાં તરતી નથી. તમે શું કરશો ?**

**પ્રશ્ન 8.** **નીચેનાં વાક્યો કોણ બોલી શકે? પાઠના આધારે વિચારો.**

1. સેનાની સાથે હું પણ લડાઈમાં જોડાઈશ. : ______
2. મારા ભાઈની મદદે અત્યારે જ જવું પડશે. : ______
3. મને બીજા થાળમાં જમવાનું આપો. : ______
4. મારી અંતિમ ઈચ્છા બાદશાહ સલામતનું મોઢું જોવાની છે. : ______
5. આપનું મોઢું જોવાથી હું તો મૃત્યુના મુખમાં ધકેલાઈ ગયો. : ______
6. આખો દિવસ હું જમી પણ ન શક્યો. : ______
7. હું કહું એ રીતે તારે બાદશાહને જવાબ આપવાનો છે. : ______
8. નક્કી આ યુક્તિ બિરબલની જ હોઈ શકે. : ______

## રચનાત્મક મૂલ્યાંકન :

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | ✗ | ? | ✓ |
| G 602 | પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં પ્રસંગો તથા સ્થળો વિશે વાતચીત અને સંવાદો સમજે છે તથા રજૂઆત કરે છે. | | | |
| G 607 | સાંકેતિક બૉર્ડ, સમય પત્રક, ટ્રાફિક સિગ્નલ, નકશા, પ્રતીકો, ચિત્રો, સમાચારપત્રો, સામયિકો અને સંદર્ભ સાહિત્ય વગેરે વાંચી સમજી શકે છે તથા વિગતો તારવી શકે છે. | | | |
| G 613 | ટુચકાઓ, વાર્તાઓ, જીવનપ્રસંગો, પોતાના અનુભવોની રજૂઆત કરે છે. | | | |
| G 619 | ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, જોડણી, રૂઢિપ્રયોગ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી વગેરે સારાંશલેખન જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે. | | | |

તારીખ ____________ શિક્ષકની સહી ____________

# 9. પાદર

## અધ્યયન નિષ્પત્તિ

**G 602** પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં પ્રસંગો તથા સ્થળો વિશે વાતચીત અને સંવાદો સમજે છે તથા રજૂઆત કરે છે.

**G 609** શિક્ષકની મદદથી શબ્દકોશ, બાળકોશ અને બાળવિશ્વકોશનો ઉપયોગ કરી આશરે 3000 જેટલા શબ્દો સમજી અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરે છે.

**G 611** પાઠ્યપુસ્તક અને વાંચેલી, સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા 'શા માટે?', 'કેવી રીતે?' જેવા પ્રશ્નો પૂછી, કાર્યકારણ સંબંધો તારવી જવાબ આપે છે, ઉકેલ મેળવે છે.

**G 619** ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, જોડણી, રૂઢિપ્રયોગ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી વગેરે સારાંશલેખન જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.

**પ્રશ્ન 1. નીચે આપેલાં વાક્યોમાં શબ્દો આડાઅવળા થઈ ગયા છે. શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થસભર વાક્ય બનાવો.**

1. ટાબરિયાંનો તો આખા મેળો જામે ગોંદરે ગામનાં

______________________________

2. નિશાળ પહેલી તે આ ગોંદરું અમારી

______________________________

3. સાહેબોની હતી અમને ધાક એ વખતે જબરી

______________________________

4. ગોંદરે મેળો પણ ગામનો ભરાય

______________________________

5. આનંદ ઉનાળામાં જવાનું ન તો અમને થાય ખેતરે હોય

______________________________

**પ્રશ્ન 2. અહીં રૂઢિપ્રયોગ અને તેના અર્થ આડાઅવળા થઈ ગયા છે. તેને યોગ્ય રીતે જોડી વાક્યપ્રયોગ કરો.**

(મેળો જામવો, ગામનું નાક, સુખ-દુઃખમાંથી પસાર થવું, મૂછ મરડવી, આરામ લેવો, શ્રી ગણેશ કરવા, અભિમાન કે શૂરાતન બતાવવું, કાર્યનો શુભારંભ કરવો, પોરો ખાવો, તડકી-છાંયડી જોવી, ઘણાં માણસોનું એકઠા થવું તે, ગામનું ગૌરવ)

1. રૂઢિપ્રયોગ : ____________ અર્થ : ____________

   વાક્ય : ________________________________

2. રૂઢિપ્રયોગ : ____________ અર્થ : ____________

   વાક્ય : ________________________________

3. રૂઢિપ્રયોગ : ____________ અર્થ : ____________

   વાક્ય : ________________________________

4. રૂઢિપ્રયોગ : ____________ અર્થ : ____________

   વાક્ય : ________________________________

5. રૂઢિપ્રયોગ : ____________ અર્થ : ____________

   વાક્ય : ________________________________

**પ્રશ્ન 3. નીચેનામાંથી ભાવવાચક શબ્દ પર ○ કરો.**

પેટ્રોલ આનંદ

હાસ્ય

ઊંઘ

કોયલ સુખ

મંદિર

ખટાશ ગંગા

કડવું

નદી વાઘ ડહાપણ

ભય ગિરનાર

**પ્રશ્ન 4. શબ્દ અને તેના અર્થને એકસરખા આકાર વડે દર્શાવો.**

બખોલ

વેળુ

ધાક

લડાઈ

ધીંગાણું

ગોંદરું

મજા

ટેસડો

રેતી

બીક

પોલાણ

પાદર

**પ્રશ્ન 5. નીચે આપેલ ચિત્રનું વર્ણન લખીને કરો.**



**પ્રશ્ન 6. નીચેનાં વાક્યોને પાઠના યોગ્ય ક્રમમાં ગોઠવો.**

1. ત્યારે તો ચંપલ, બૂટ કે સૅન્ડલ સ્વપ્નમાં પણ જોયાં નહોતાં.
2. નિશાળમાં તો અગિયાર વાગ્યે જવાનું હોય.
3. ગોંદરું તો ગામનો જીવતો-જાગતો ચોપડો.
4. આ ગોંદરે ધીંગાણાં મંડાણાં છે.
5. અમારા માટે ગોંદરું એ ચૉકલેટ જેવું છે.
6. મારા ગામના ગોંદરે બે વિશાળ વડ.
7. ગોંદરે રમવા જવાની જબરી તાલાવેલી થાય.

1. 
2. 
3. 
4. 
5. 
6. 
7. 

**પ્રશ્ન 7. નીચેનો ફકરો વાંચી તેમાં રહેલી ક્રિયાઓનાં નામ લખો.**

શિયાળામાં હતુતુતુ કે આટાપાટા રમીને કડકડતી ઠંડી ઉડાડીએ. આમલી-પીપળી રમીએ. વડની વડવાઈઓના હીંચકા બનાવીએ. પડીએ-આખડીએ, ઊભા થઈએ, લંગડાઈએ, લડાવીએ, એકબીજાનાં કપડાં ફાડીએ, માથામાં રેત ભરીએ, રોતાં-રોતાં ગાળાગાળી કરીએ, સામસામા પથરા મારીએ, લોહીલુહાણ થઈએ તોય થોડીવાર પછી બધું જ ભૂલીને ભેગા મળીને રમવા માંડીએ !

**ઉદાહરણ** - ઉડાડવું

______ ______ ______

______ ______ ______

______ ______ ______

______ ______ ______

______ ______ ______

______ ______ ______

**પ્રશ્ન 8. ઉદાહરણ મુજબ વાક્યો શોધીને લખો.**

'ખાધું ના ખાધું ને ગોંદરે પહોંચી જઈએ.' - આ વાક્યમાં ગોંદરે જવાની ઉતાવળમાં ઝડપથી ખાઈ લીધું એવો ભાવ પ્રગટ થાય છે. આવાં બીજાં વાક્યો વિચારો અને લખો.

**ઉદાહરણ** - થાક ખાધો ના ખાધો ત્યાં અમે ચાલવા માંડ્યા.

1. ______
2. ______
3. ______
4. ______
5. ______

**પ્રશ્ન 9. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

1. તમે કઈ-કઈ રમતો રમો છો ?

______

______

______

______

2. ઉપરોક્ત રમતો પૈકી ઘરમાં કે વર્ગમાં રમી શકાતી અને મેદાનમાં રમી શકાતી રમતોનું વર્ગીકરણ કરો.

| ઘરમાં કે વર્ગમાં રમાતી રમતો | | મેદાનમાં રમાતી રમતો | |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

3. તમને કઈ રમત સૌથી વધુ રમવી ગમે? શા માટે ?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**રચનાત્મક મૂલ્યાંકન :**

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | ✗ | ? | ✓ |
| G 602 | પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં પ્રસંગો તથા સ્થળો વિશે વાતચીત અને સંવાદો સમજે છે તથા રજૂઆત કરે છે. | | | |
| G 609 | શિક્ષકની મદદથી શબ્દકોશ, બાળકોશ અને બાળવિશ્વકોશનો ઉપયોગ કરી આશરે 3000 જેટલા શબ્દો સમજી અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરે છે. | | | |
| G 611 | પાઠ્યપુસ્તક અને વાંચેલી, સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા 'શા માટે?', 'કેવી રીતે?' જેવા પ્રશ્નો પૂછી, કાર્યકારણ સંબંધો તારવી જવાબ આપે છે, ઉકેલ મેળવે છે. | | | |
| G 619 | ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, જોડણી, રૂઢિપ્રયોગ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી વગેરે સારાંશલેખન જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે. | | | |

તારીખ ______________ શિક્ષકની સહી ______________

# 10. આલાલીલા વાંસડિયા

## અધ્યયન નિષ્પત્તિ

G 601 વાર્તા, કાવ્યો, ચિત્રવર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે.

G 604 પ્રાદેશિક ગીતો અને કથાઓ સમજે તેમજ જાણે છે.

